Permitted to post at Ahd. P.S.O. on Tuesday everyweek Under. Regd.No. : AHD-C/24/2018-2020 issued by SSP Ahd. Valid. up to dated 31-12-2020

વાદવિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

ISSN-2454-9622

To,

# અરવલ્લી જનજીવન

સાપ્તાહિક

ARAVALLI JANJIVAN (Weekly)

અમદાવાદથી દર મંગળવારે પ્રસિદ્ધ થતું અંબાજી વાયા માનગઢથી ઉમરગામ સુધીની વિશ્લેષણાત્મક માહિતીસભર ગુજરાતી સાપ્તાહિક

● Year-7 ● Issue No. 30 ● Dt. 07-07-2020, Tuesday ● Page : 4 ● Price : Rs.5/- ● ANNUAL SUBCRIPTION. Rs. 200/- ● R.N.I. Reg. No. : GUJGUJ/2013/54129 ● E-mail : pandav.vijay4u@gmail.com

● Printed / Publisher / Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI. M. 98255 86207 ❑ Office : F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013.

## તંત્રીલેખ......

ભારતની સ્વતંત્રતા પછી પણ વિવિધ કારણોસર આદિવાસી આંદોલનો થતાં રહ્યા છે. અશોકભાઈ ચૌધરી આદિવાસી એકતા પરિષદના નેજા હેઠળ સાંસ્કૃતિક સ્વાયત્તતા માટે આદિવાસીઓને સંગઠિત કરી રહ્યા છે. આદિવાસી એકતા પરિષદની પ્રવૃત્તિઓનો વ્યાપ પશ્ચિમ ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વિસ્તર્યો છે. પશ્ચિમ ભારતના આદિવાસી બુદ્ધિજીવીઓ પરિષદનું નેતૃત્વ કરી રહ્યા છે. રાજકીય સત્તા પ્રાપ્ત કરવી એ પરિષદનો હેતુ કે ઉદ્દેશ નથી. ઈ.સ.૧૯૯૨માં બ્રાઝિલમાં રિયો સમીટ થયા પછી આદિવાસી એકતા પરિષદ અસ્તિત્વમાં આવી અને સક્રિય થઈ. એ પૂર્વે પરિષદના સ્થાપકો આદિવાસી વિસ્તારોમાં કામ કરતા હતા. કુદરતી સંસાધનો પર આદિવાસીઓના અધિકારો તથા અન્યાય અને શોષણના મુદ્દે આદિવાસીઓને સંગઠિત કરવાનું કાર્ય તેઓ કરતા હતા. આ યુવા શિક્ષિત આદિવાસીઓએ રિયો સમીટમાં ભાગ લીધો હતો. પરિણામે ગુજરાતના અશોક ચૌધરી, સિદ્ધરાજ સોલંકી અને દીપક ચૌધરી, મહારાષ્ટ્રના કાળુરામ ધોબડે અને વહારુ સોનવણે તથા રાજસ્થાનના વેલારામને મંચ મળ્યું. તેમણે સંસ્કૃતિનામુદ્દે આદિવાસીઓને સંગઠિત કરવાના પ્રયાસો આદર્યા. આદિવાસી એકતા પરિષદની સ્થાપના કરતા પહેલાં તેના નેતાઓએ પશ્ચિંમ ભારતમાં નાની સભાઓના આયોજન દ્વારા આદિવાસીઓનો સંપર્ક કર્યો. નેતાઓએ આદિવાસી પરિસ્થિતિ અને સંસ્કૃતિ વિશે વિસ્તૃત લેખ લખ્યા. વહારુ સોનવણેએ એક લેખમાં લખ્યું કે, ×આદિવાસી સંસ્કૃતિનો વિવિધ પ્રકારે નાશ કરવામાં આવી રહ્યો છે પ્રેમ અને ધર્મ દ્વારા, સુરક્ષા અને વિકાસના નામે તથા જુદા જુદા પ્રકારની રાહતો આપીને અને દાદાગીરી કરીને. આદિવાસીઓના જીવનમાં હિંદુ સંસ્કૃતિ ભેળવવાનો પ્રયાસ પણ થઈ રહ્ય છે. આદિવાસીઓને તેમના પરંપરાગત જીવન અને સંસ્કૃતિથી દૂર ધકેલવામાં આવી રહ્યા છે. તેઓ ખ્રિસ્તી ધર્મ અને સંસ્કૃતિ અપનાવી રહ્યા છે. વિશ્વમાં પરિવર્તન થઈ રહ્યું છે એ વિશે આપણે જાગૃત છીએ. આધુનિક વિશ્વ કેટલું આગળ વધ્યું છે અને કેટલું પાછળ ગયું છે એ આપણે જોવાનું છે. સંસ્કૃતિ જાળવવાના નામે આપણે આપણી જાતને પિંજરામાં પૂરી ન હી રાખીએ, આપણે શિક્ષિત થઈશું.

અરવલ્લી જનજીવનમાં છપાતા લેખો, આર્ટીકલો તેમજ ધર્મ અંગે છપાતી માહિતી માટે જે તે લેખકો જવાબદાર રહેશે. પ્રકાશક આ લેખો માટે જવાબદાર ગણાશે નહીં તેની નોંધ સર્વ વાચકોએ લેવી.

તંત્રી : અરવલ્લી જનજીવન

## લવાજમ તથા છૂટક નકલ મેળવવા માટે સંપર્ક કરો

બ્યુરોચીફ : અશોકભાઈ પાંડર મો. ૯૪૨૮૪ ૧૦૪૩૦

★ "અરવલ્લી જનજીવન" સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૨૦૦/- અને આજીવન સભ્ય ફી રૂ. ૨૦૦૦/- ભરી આપ ઘરે બેઠા સાપ્તાહિકની નકલ મંગાવી શકો છો.

★ જે વાચક મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ હોય અને જેનું એક વર્ષ પૂર્ણ થતું હોય તેઓએ તાત્કાલિક વાર્ષિક લવાજમ ભરી દેવું. જે વાચકમિત્રોને લવાજમ ભરવું હોય તેઓએ "અરવલ્લી જનજીવન"ના નામનો ચેક અથવા ડ્રાફ્ટ કાર્યાલયના સરનામે મોકલાવી આપવાનો રહેશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | લાલાભાઈ | પોશીના | ૮૧૨૮૧ ૬૪૦૯૭ |
| (૨) | રાજેશભાઈ | દાંતા | ૯૯૯૮૧ ૦૪૧૯૦ |
| (૩) | દિપક ડાભી | ઈકબાલગઢ | ૯૮૯૮૯ ૬૭૬૮૦ |
| (૪) | રામજીભાઈ | ખેડબ્રહ્મા | ૯૭૨૫૧ ૭૫૮૬૩ |
| (૫) | ચામુંડા ઝેરોક્ષ | વિજયનગર | ૯૪૨૯૪ ૬૨૨૫૪ |
| (૬) | નાગજીભાઈ ભીલ | પાટણ | ૯૭૨૬૭ ૧૮૬૨૧ |
| (૭) | બાબુભાઈ | પાલનપુર | ૯૪૨૬૫ ૧૪૩૩૬ |
| (૮) | રમેશભાઈ | ખેરગામ | ૯૪૨૬૮ ૪૬૪૪૦ |
| (૯) | વસંતભાઈ રાઠવા | વડોદરા | ૯૭૧૪૨ ૬૪૦૮૧ |
| (૧૦) | પ્રવિણભાઈ | મહિસાગર | ૯૫૧૨૮ ૭૨૩૯૨ |
| (૧૧) | A/c કાલુભાઈ | કતવારા (દાહોદ) | ૯૫૮૬૬ ૦૦૩૧૦ |
| (૧૨) | ગામીત રાજેશ | વ્યારા | ૯૯૨૫૩ ૬૧૯૭૫ |
| (૧૩) | ધનંજય | મોડાસા | ૮૪૯૦૯ ૯૯૩૦૭ |
| (૧૪) | A/c હરસિંગભાઈ | જાલત (દાહોદ) | ૭૮૭૪૪ ૭૭૯૪૧ |
| (૧૫) | A/c ભાવસિંગભાઈ | જેસાવાડા(દાહોદ) | ૯૭૨૬૪ ૬૬૯૬૩ |
| (૧૬) | A/c અંબાલાલ | મહારાષ્ટ્ર | ૯૮૨૨૨ ૭૪૯૮૮ |
| (૧૭) | ડો. એલ.જી.કટારા | ભિલોડા | ૯૪૨૭૬ ૯૪૫૫૦ |
| (૧૮) | A/c સતીષભાઈ | વડોદરા | ૮૧૬૦૫ ૦૬૭૫૭ |
| (૧૯) | ચુનિલાલ પાંડવ | વિજયનગર | ૯૯૧૩૮ ૪૭૯૦૯ |
| (૨૦) | જગદીશભાઈ | ખેડબ્રહ્મા | ૯૪૨૭૦ ૩૮૮૭૪ |
| (૨૧) | A/c ઠાકોરભાઈ | ભરૂચ જિલ્લો | ૯૪૨૯૩ ૩૮૪૭૨ |
| (૨૨) | વિજય મછાર | દાહોદ જિલ્લો | ૭૮૭૪૨ ૬૧૩૦૮ |
| (૨૩) | સવજીભાઈ | મહેસાણા જિ. | ૯૭૨૬૬ ૦૯૮૬૮ |
| (૨૪) | A/c સબુરભાઈ | માતવા (દાહોદ) | ૯૫૮૬૫ ૪૦૫૨૯ |
| (૨૫) | A/c દશરથભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૫૪૯૪ ૯૪૬૪૮ |
| (૨૬) | મુકેશ પટેલ | વાપી | ૮૫૩૦૫ ૫૮૮૭૭ |
| (૨૭) | A/c શંકરભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૯૫૦૮ ૭૬૭૩૪ |
| (૨૮) | કલ્પેશ પટેલ | વલસાડ | ૯૯૨૫૫ ૧૮૨૫૪ |
| (૨૯) | ઓમપ્રકાશભાઈ | ભૂજ | ૯૮૨૫૦ ૭૦૫૧૭ |
| (૩૦) | દિલીપ જે. ડગલા | ઝાલાવાડ | ૯૩૭૫૨ ૬૯૯૫૦ |
| (૩૧) | શંકરભાઈ | ગાંધીનગર | ૯૯૭૮૫ ૮૭૧૨૭ |
| (૩૨) | હિતેશભાઈ | ચિઠોડા | ૭૫૭૪૦ ૭૬૫૧૧ |
| (૩૩) | A/c જમસુભાઈ | કપરાડા | ૯૭૧૪૭ ૨૨૧૫૯ |
| (૩૪) | A/c સુરેશ ડામોર | વિરપુર | ૯૭૨૬૫ ૧૨૯૩૭ |
| (૩૫) | રવજીભાઈ પાંડોર | ધોલવાણી-વિજયનગર | ૯૪૨૭૦ ૫૮૦૪૨ |
| (૩૬) | પ્રો. નટુભાઈ ગામિત | નવસારી | ૭૮૭૮૩ ૩૦૨૦૦ |
| (૩૭) | સમીરભાઈ ડામોર | ઓઠ-ભિલોડા | ૯૦૯૯૫ ૯૫૧૪૩ |
| (૩૮) | પ્રકાશ માજીરાણા | કપડવંજ | ૮૭૩૪૮ ૭૨૬૮૧ |
| (૩૯) | સંજય શર્મા | મોડાસા | ૯૭૨૫૪ ૭૦૮૮૫ |

હેલ્પ લાઈન : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭

વોટ્સઅપ : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭

# જીવસૃષ્ટિ તેમજ પર્યાવરણને પારવાર થયું નુકશાન

ઉંમરગામ તાલુકામાં આવેલ દશમેસ રબર પ્રાઈવેટ લિમિટેડ, સરીગામ, જી.આઈ.ડી.સી– કંપનીમાં ૨૬/૦૬/૨૦૨૦ શુક્રવારે લગભગ ૧૦ વાગે આગ ફાટી નીકળી હતી. જે આગને કાબૂ મેળવવા માટે ૨૦ કલાકથી પણ વધુ સમય સુધી ફાયર બ્રિગેડ દ્વારા પાણીનો મારો કરવામાં આવ્યો હતો. જેના કારણે લાગેલી આગને કાબૂ કરવા માટે લાખો લિટર પાણીનો ઉપયોગ થયો તેમજ આગ લાગવાથી વાતાવરણમાં ઝેરી વાયુ પ્રદુષણ થયું હતું.



સ્થાનિક આદિવાસીઓ દ્વારા દસમેસ રબર લિમીટેડ કંપનીને કાયમી માટે બંધ કરવાની માંગ જીપીસીબીને કરવામાં આવી.

મળતી માહિતી મુજબ ૨,જુલાઈના રોજ સરીગામ ઔદ્યોગિક વસાહતમાં આવેલ દસમેસ રબર ઈન્ડસ્ટ્રીઝને તત્કાલમાં કાયમી ધોરણે બંધ કરવા માટે સ્થાનિક લોકો દ્વારા જીપીસીબી અને વલસાડ જિલ્લા કલેક્ટરને અરજી કરવામાં આવી હતી, જેમાં જણાવવામાં આવ્યું હતું કે ઉંમરગામ તાલુકામાં સરીગામ જી.આઈ.ડી.સી.માં આવેલ દસમેસ રબર કંપનનીમાં ભયાનક આગ લાગી હતી. આગના કારણે જીવસૃષ્ટિ પર તેમજ પર્યાવરણ પર ભારે અસર થઈ છે. તેમજ પાણી પ્રદૂષણ મોટા પાયે થયું. આવા ઉદ્યોગો નિષ્કાળજીના કારણે અહીં વસવાટ કરતા ગરીબ આદિવાસી સમાજે પોતાની સંસ્કૃતિ જે પ્રકૃતિ તરીકે ઓળખાય છે તે પ્રકૃતિને મોટાભાગે નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. જેના પગલે આવી કંપનીઓને મોટો દંડ કરવો ખૂબ જરૂરી છે. સાહેબશ્રી ઉંમરગામ તાલુકો એટલે આદિવાસી વિસ્તાર તરીકે જાણીતો છે. જે વિસ્તારમાં આવા પ્રદુષિત કરતાં ઉદ્યોગો આવેલ છે, જેના કારણે અમારા કરજ ગામના પાણીના સ્ત્રોત પણ બગડી ગયા છે અને અમારી ખેતીવાડીને પણ નુકશાન થઈ રહ્યું છે અને અમારી પ્રકૃતિ પણ નાશ પામી રહી છે. આપ સાહેબને નમ્ર વિનંતી આ કંપનીને કાયમી ધોરણે બંધ કરી અમારી આદિવાસી સમાજની સંસ્કૃતિને બચાવવાનો પ્રયત્ન કરશો.

યુવાશક્તિ સંઘઠનાના પ્રમુખ એડ્વોકેટ મિતેશ પટેલ દ્વારા પ્રાદેશિક અધિકારીને ગુનો દાખલ કરવા માટેની કરી માંગ.

પ્રાપ્ત માહિતી મુજબ તત્કાલમાં આ કંપનીના સંચાલકો સામે ઈંડિયન પિનલ કોડની કલમ ૨૬૯, ૨૭૦, ૨૭૮, અને ધી એર ( પ્રિવેન્સ એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન એક્ટ – ૧૯૮૧), ધી (એનવાયરમેંટ પ્રોટેક્શન એક્ટ – ૧૯૮૬) મુજબનો ગુનો દાખલ કરવા ચેરમેનશ્રી, મેમ્બર સેક્રેટરીશ્રી, કલેક્ટરશ્રી, પ્રાદેશિક અધિકારીને યુવશક્તિ સંઘઠનના પ્રમુખ મિતેશ પટેલ દ્વારા માંગ કરવામાં આવી હતી. વધુ નોંધમાં જણાવવામાં આવ્યું કે આવી મોટી દુર્ઘટનાથી સ્થાનિક લોકો ભયની હાલતમાં જીવી રહ્યા છે. તેમજ આવા બનાવો વારંવાર થઈ રહ્યા છે. જેની ઊંડાણમાં તપાસ કરશો. પર્યાવરણને નુકશાન કરતા આવા ઉદ્યોગોને આકો દંડ કરવા માટેની અરજ કરવામાં આવી છે.

### વિશ્વનો ટાઈમ બોમ્બ :

# વાયરસ કોવિદ -૨૦૧૯ અને વાયરસનો ઈતિહાસ

ચુનીલાલ પાંડવ દ્વારા
સામાજીક કાર્યકર

આજે વિશ્વમાં વાયરસ કોવિદ-૨૦૧૯એ કાળોકેર વર્તાઈ રહ્યો છે ને સંક્રમણ અટકાવવા, કાબુમાં લેવા માટે વિશ્વના અનેક દેશો અથાગ પ્રયત્નો કરી રહ્યા છે, જેવા કે સઘન ટેસ્ટીંગ, મોનીટરીંગ, સારવાર, વ્યવસ્થાના નિયંત્રણ, કવોરટાઈન છે. દેશની સરકારે પોતાના ઓફિસરોનો જવાબદારી સુપરત કરી છે. ઘણા દેશોમાં તો હજુ લોકડાઉન અને કર્ફ્યુ નાખીને લોકોને ઘરમાં રહેવા અનુરોધ કર્યો છે. ભારતની ૧લી જુને અનલોક જાહેર કર્યા પછી ભારતની પરિસ્થિતિ કોરોના વાયરસથી વધુ બગડી છે. ભારતમાં કોરોના મહામારીનો પ્રકોપમાં કોરોનાના નવા ૨૦,૭૨૩ કેસ નોંધાયા છે જ્યારે વધુ ૩૬૫નાં મોત નીપજ્યાં છે. આ સાથે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૬,૧૭,૮૩૩ થઈ છે, જેમાંથી ૩,૭૭,૯૪૫ દર્દીઓ સાજા થઈ ગયા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે.

કોરોનાનો કુલ મૃત્યુઆંક ૧૮,૨૦૪ થયો છે ભારતમાં કોરોના વાઈરસના કેસ છ લાખને પાર થઈ ગયા હતા. એક દિવસમાં નવા ૨૦,૭૨૩ કેસની સાથે દેશમાં માત્ર પાંચ દિવસમાં કોરોનાના કેસમાં એક લાખનો વધારો થયો છે. ગુજરાતમાં તમામા જિલ્લાઓમાં કોરોના પ્રસરી ચૂકયો છે.

કોરોનાની મહામારી પગલે સમગ્ર વિશ્વના દેશો જાનહાની અને આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે અને મહામંદીના પડઘા સંભળાઈ રહ્યા છે. વિશ્વના કેટલાક દેશોનો જીડીપી ગ્રોથ પણ એકદમ નીચે ઉતરી ગયો છે. વિશ્વના ઘણા બધા દેશો ચીનની વિરુદ્ધ કોરોના વાયરસ ફેલાવવાનો સૂર રેલાવી રહ્યા છે તેમાં અમેરિકાએ તો કોરોના ફેલાવવા મુદ્દે ચીન સામે આકરા પગલાં ભરવાની ચીમકી ઉચ્ચારી છે અને અન્ય હરોળના દેશો પણ ચીન સામે ખફા થઈને તેની પાછળ પડી ગયા છે.

હવે આપણે જોઈશુ કે વાયરસ એટલે શું ?

'વાયરસ' શબ્દ ઘણો જૂનો છે. ૧૯મી સદીના અંત સુધીમાં વાયરસનો શબ્દ કોઈએ સાંભળ્યો નહતો. વાયરસ એકદ સૂક્ષ્મ છે. નેધરલેન્ડના માર્ટિનસ બોજિરિન્કસ નામના માઈક્રોલોજિસ્ટને આડકતરી રીતે તેનો પત્તો લાગ્યો અને સંશોધન ચાલુ કર્યું. તેણે વિષકારક **toxic** જીવને **musaic diseuse**નો કારક ઠરાવ્યો ને લેટિન શબ્દના આધારે તેનું નામ વાયરસ રાખ્યું. ૧૯૩૯માં માઈક્રોસ્કોપ વડે વાયરસને પ્રત્યક્ષ જોઈ શકાયું.

વિષાણુઓ અલગ અલગ જાતના હોય છે. જાતિ પ્રમાણે તેમના આકાર પણ જુદા જુદા હોય છે. નમો પણ અલગ અલગ હોય છે. જેમ કે શરદીના વિષાણુ બેરલ છાપ છે. ઈન્ફલુએન્ઝ)ના તથા




ગાલપચોડીયાના વાયરસ વાયરસો સંખ્યાબંધ તીક્ષ્ણ ખીલા જડેલા રોમન ગદા જેવા હોય છે. આ જુદા જુદા પ્રકારના વિષાણુઓએ મનુષ્યને મહત્તમ રોગો આવ્યા છે. જેવા કે પોલીયો, હર્પિસ, ડેન્ગ્યુ, ઈન્ફલુએન્ઝા, એઈડ્સ, હડકવા, અછબડા, હેપેટાઈટિસ, સાર્સ, ઈબોલા, સ્વાઈન ફૂલ વગેરે જેવા અનેક વાયરસો જોવા હાલ મળી રહ્યા છે.

જીવવિજ્ઞાની જોશુઆ લેડનબર્ગના શબ્દોનું આજે સ્મરણ કરવા જેવું છે. **"Our only real competition for the dominance of the planet remains the virus."** 'ધરતી પર મનુષ્યજાતના ઈજારનો પડકારી શકે તેવા માત્ર પ્રતિસ્પર્ધી વાયરસ છે.

ચીનના કોવિદ-૧૯ તરીકે ઓળખાતા વાયરસ આજે વૈશ્વિક તરખાટ જોશુઆ લેડરબર્ગની અમંગળ ભવિષ્યવાણીને સાચી ઠરાવી રહ્યો છે. નોબેલ વિજેતા જોશુઆ લેડરબર્ગ આજથી ૬૨ વર્ષ પહેલા વાયરસના ખતરા માટે વિશ્વને ચેતવણી આપી હતી. કે ભૂતકાળમાં સૂક્ષ્મ વાયરસ પુષ્કળ માનવખુવારી કરી ચૂકયા છે ભવિષ્યમાં પણ આવા વાયરસ ફરી નીકળશે. જે આજે તેનું ભવિષ્ય કથન સાચુ પડી રહ્યું છે.

વિવિધ જાતના વાયરસનું 'પાટનગર' જો કે ચીન છે. ચીનના લોકો ખાવાપીવાની આદતો વિચિત્ર છે. ગુફાવાસી-આદિમાનવોને પ્રમાણ સુધરેલા ઠરાવે તેવી છે. દુનિયાના ઘણા દેશો જેવા કે યુરોપ, અમેરિકા અને એશિયાના પણ અનેક દેશો ચીનના લોકોની જેમ માંસાહારી છે. પરંતુ તેઓ કતલ થયેલા ઢોરની તેમજ મરઘાં-બતકાની (મોટા પાયે પેકેઝિંગ થયેલી) નોનવેજ આઈટમો ખાય છે.

ચીનાઓની માંસાહાર ખાવાની આદતો તદ્દન અલગ પ્રકારની છે તેમજ આપણને તો ધૃણા ઉત્પન્ન થાય તેવી છે. ચીનમાં લગભગ દરેક શહેરોમાં, ગામમાં પ્રાણીઓનું બજાર **(Animal Market)** હોય છે. આ માર્કેટમાં સાપ, અજગર, મરઘા-બતકા, ખટમોકડી, ઉંદર, માછલી, કરચલા, ઘોરખોદિયા, જળબિલાડી, વણિયર, વીંછી, વંદા, ડુક્કર, વરૂ, કબુતરો, ગરોળી, દેડકાં જીવતા મળી રહે છે. દરેક ગ્રાહક પોતાની પસંદગી મુજબની ખરીદી કરે છે. આવા માર્કેટ જોતા લાગે કે આપણે કોઈ પ્રાણી સંગ્રહાલયમાં પ્રવેશ કર્યો છે. આવા સજીવોના નજીક જવામાં સ્વાસ્થ્ય જોખમી નિવડી શકે છે. કારણ કે દરેક સજીવના શરીરમાં અમુક પ્રકારના વાયરસે ઘર કર્યું હોય છે અને તે કયારે કુદકો મારીને માણસોના એટલે ગ્રાહકોના શરીરમાં જાય તે કહી શકાય નહીં.

વધુ આવતા અંકે

# પુરવઠા વિભાગ દ્વારા નિયંત્રિત વિસ્તારના ગામોમાં રાશનની હોમ ડિલીવરી કરાઈ

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આગામી નવેમ્બર સુધી રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે રાશન આપવાની જાહેરાત કરવામાં આવી છે જેનાથી દેશભરના ૮૦ કરોડથી વધુ લોકોને લાભ થવાનો છે. દેશમાં કોરોના વાયરસનીસ અસરને લઈને સમગ્ર દેશના કાર્ડધારકોને મફત અનાજ વિતરણ સતત ત્રણ માસથી થઈ રહ્યું છે. જેમાં કોરોના અસરગ્રસ્ત ગામોમાં જઈ લોકોને ઘરઆંગણે રાશન મળી રહે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા ઊભી કરવામાં આવી છે. જેમાં અરવલ્લીના ૫૦થી વધુ ગામોમાં લોકોને ઘરઆંગણે રાશન કીટ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો આંક ૨૦૦ને પાર પહોંચી ચૂકયો છે તેમાં જિલ્લાના શહેરી અને ગ્રામ્ય મળીને અત્યાર સુધી ૧૬૦થી વધુ કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. હાલ ૫૦થી વધુ ગામોને કન્ટેન્મેન્ટ ઝોનમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આ નિયંત્રિત વિસ્તારમાં સંકમણ ના વધે તેના ચુસ્ત અમલ માટે ગામલોકોના અવરજવર પર પ્રતિબંધ સહિત હોમ ડિલિવરી સર્વિસ સુનિશ્ચિત કરાઈ છે.

અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરની માર્ગદર્શનથી નિયંત્રિત વિસ્તારમાં માત્ર ખાનગી દુકાનધારકો જનહીં ખુદ સરકારી તંત્ર પણ હોમ ડિલિવરી સર્વિસ શરૂ કરી લોકોની મુશ્કેલીમાં ઘટાડો કર્યો છે. જેમાં મેઘરજ તાલુકાના અતિપછાત વાદી-મદારી કે ગરીબ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણનો લાભ મળી રહ્યો છે. જેમાં બાયડ તાલુકાના ૭ ગામો, ભિલોડાના ૧૧, ધનસુરાના ૧૨, મેઘરજના ૮, મોડાસાના ૧૪ અને માલપુરના ૧ ગામમાં સસ્તા અનાજની દુકાન દ્વારા લોકોના ઘરે ઘરે જઈનો પુરવઠા વિભાગ દ્વારા કાર્ડધારકોને અનાજ પહોંચાડવાની વ્યવસ્થા ઊભી કરાઈ છે.

ગંતાકનું ચાલુ

# ગરીબી, નિરક્ષરતા, દેવાની સમસ્યાઓ, જમીન વિહોણાપણું, કૃષક સમસ્યાઓ, શોષણની સમસ્યાઓ

ડૉ.સુભાષ પાંડર

**નિરક્ષરતા : આદિવાસી સમાજમાં વ્યાપક નિરક્ષરતા પ્રવર્તે છે. આદિવાસી સમાજમાં નિરક્ષરતાની સમસ્યા અનુસૂચિત જાતિઓમાં નિરક્ષરતાની સમસ્યા કરતાં તદ્દન ભિન્ન છે. અનુસૂચિત જાતિઓ માટે શિક્ષણની બધી જ સગવડો ઉપલબ્ધ છે. પરંતુ જુદાં જુદાં કારણોસર તેઓ આ સગવડોનો ઉપયોગ કરી શકતા નથી. આદિવાસીઓ દુર્ગમ વિસ્તારોમાં વસવાટ કરે છે એટલે પ્રમાણમાં તો માટે શૈક્ષણિક સુવિધાઓ ઓછી રહેવા પામી છે. વિકાસ કાર્યક્રમો હેઠળ આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓ અને છાત્રાલયો સ્થપાયાં છે. શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી છે. આથી તેઓમાં શિક્ષણ વિકાસ થવા લાગ્યો છે. પરંતુ હજુ આદિવાસીઓમાં વ્યાપક નિરક્ષરતા પ્રવર્તે છે.**

નિરક્ષરતા એ સાક્ષરતાથી વિરુદ્ધનો ખ્યાલ છે. સાક્ષરતાનો અભાવ સૂચવે છે. સાક્ષરતા એટલે લખી-વાંચી શકવાનું અને રોજબરોજના દૈનિક વ્યવહાર પૂરતું હિસાબી ગણતરીનું અંકગણિતનું જ્ઞાન. આવું જ્ઞાન ધરાવતી અને લખી-વાંચી શકતી તથા લખેલું અને વાંચેલું સમજી શકતી વ્યક્તિને સાક્ષર કહેવાય. બીજી રીતે કહીએ તો અક્ષરજ્ઞાન એટલે સાક્ષરતા અને અક્ષરજ્ઞાન ધરાવતી વ્યક્તિ એટલે સાક્ષર કે ભણેલી વ્યક્તિ. નિરક્ષરતા એ સાક્ષરતાનો અભાવ સૂચવે છે. નિરક્ષરતા એટલે અભણપણું. જે વ્યક્તિ અક્ષરજ્ઞાન ન ધરાવતી હોય, લખી-વાંચી શકતી ન હોય તથા સામાન્ય હિસાબ-કિતાબ કરી શકતી ન હોય એવી વ્યક્તિને નિરક્ષર કે અભણ વ્યક્તિ કહેવાય. અક્ષરજ્ઞાન એટલે લખવા-વાંચવાની આવડત. જ્યારે નિરક્ષરતા એટલે લખવા-વાંચવાની આવડતનો અભાવ. નિરક્ષર વ્યક્તિ લખેલા અક્ષરો કે શબ્દો કે વાકયો વાંચી શકે નહીં તેમજ લેખિત સ્વરૂપમાં પોતાના વિચારો રજૂ કરી શકે નહીં. લેખિત સ્વરૂપમાં જે કોઈ સંદેશાઓ, પ્રતીકો કે વિચારો રજૂ થયેલાં હોય છે તે નિરક્ષર વ્યક્તિ માટે નિરર્થક બની રહી છે. સાક્ષરમાં લેખન-વાંચન અને સામાન્ય હિસાબ-કિતાબનું જ્ઞાન ધરાવતી વ્યક્તિથી માંડીને ઉચ્ચ શિક્ષણ મેળવેલ વ્યક્તિઓનો સમાવેશ થાય છે અને એવી શૈક્ષણિક પરિસ્થિતિને સાક્ષરતા કહેવાય. જ્યારે લેખન-વાંચન અને પ્રાથમિક હિસાબ-કિતાબની આવડતના અભાવની સ્થિતિને નિરક્ષરતા કહેવાય.

૧૯૬૧માં ભારતની વસતિમાં ૭૬ ટકા લોકો નિરક્ષર હતા અને આદિવાસી વસતિમાં ૯૨ ટકા લોકો નિરક્ષરતા હતા. ૧૯૭૧માં ભારતની વસતિમાં ૭૦ ટકાથી વધુ લોકો નિરક્ષર હતા અને આદિવાસી વસતિમાં ૮૯ ટકાથી વધુ લોકો નિરક્ષર હતા. ૧૯૮૧માં ભારતની વસતિમાં લગભગ ૬૪ ટકા લોકો નિરક્ષર હતા અને આદિવાસી વસતિમાં લગભગ ૮૪ ટકા લોકો નિરક્ષર હતા. ૧૯૯૧માં ભારતની વસતિમાં લગભગ ૪૮ ટકા લોકો નિરક્ષર હતા અને આદિવાસી વસતિમાં ૬૯ ટકાથી વધુ લોકો નિરક્ષર હતા. ૨૦૦૧ની સાલમાં ભારતની વસતિમાં ૩૪ ટકાથી વધુ લોકો નિરક્ષર હતા અને આદિવાસી વસતિમાં ૬૦ ટકા લોકો નિરક્ષર હોવાનું માની શકાય. આ સંખ્યાત્મક માહિતી પરથી જણાશે કે દરેક દાયકામાં ભારતની વસતિમાં નિરક્ષરોના પ્રમાણ કરતા આદિવાસી વસતિમાં નિરક્ષરોનું પ્રમાણ વધુ છે. ભારતની વસતિમાં નિરક્ષર લોકોનું પ્રમાણ જે ઝડપથી ઘટતું જાય છે તેની સરખામણીમાં આદિવાસી વસતિમાં નિરક્ષરોના પ્રમાણમાં ખૂબ જ ધીમો ઘટાડો થાય છે. ભારતની વસતિમાં જેમ પુરુષો કરતા સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે તેમ આદિવાસી વસતિમાં પુરુષ કરતાં સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે. એ જ રીતે શહેરી વિસ્તાર અને ગ્રામીમ વિસ્તારમાં પુરુષ-સ્ત્રી નિરક્ષરતામાં તફાવત છે. જુદાં જુદાં રાજ્યોના આદિ-વાસીઓમાં નિરક્ષરતાના પ્રમાણમાં તફાવતો છે. એ જ રીતે શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારમાં પુરુષ-સ્ત્રી નિરક્ષરતામાં તફાવત છે. જુદાં જુદાં રાજ્યોના આદિવાસીઓમાં નિરક્ષરતાના પ્રમાણમાં તફાવતો છે. એ જ રીતે જુદી જુદી આદિજાતિઓમાં નિરક્ષરતાના પ્રમાણામાં તફાવતો છે. શાળામાં દાખલ થતાં આદિવાસી બાળકોનું પ્રમાણ બિનઆદિવાસી બાળકો કરતાં ઓછું છે. અધવચ્ચેથી અભ્યાસ છોડી દેવાનું પ્રમાણ આદિવાસી બાળકોમાં બિનઆદિવાસી બાળકો કરતાં વધુ છે. આદિવાસીઓમાં જેઓ સાક્ષર છે તેમાં મોટાભાગનાએ પ્રાથમિક કક્ષાનું જ શિક્ષણ મેળવ્યું હોય છે. દક્ષિણ ભારતની માલાપનદ્રમ અને સુહાંગ આદિજાતિઓમાં ભાગ્યે જ કોઈ સાક્ષર છે. જ્યારે લુશાઈ આદિજાતિમાં ૪૦ ટકા લોકો સાક્ષર છે.

આથી જણાશે કે ભારતના આદિવાસીઓમાં નિરક્ષરતાનો વ્યાપ-વિસ્તાર ઘણો વ્યાપક છે. નિરક્ષરતાએ નિરક્ષર લોકોની વર્તન ઢબ કે ખાસિયતોનો સંકુલ છે. આ ખાસિયતો પર દૃષ્ટિપાત કરવાથી જણાશે કે નિરક્ષરતા એક સામાજિક સમસ્યા છે.

નિરક્ષર લોકો વાંચવાના કૌશલ્યના અભાવે આધુનિક વિચારોના સંપર્કથી વંચિત રહેવા પામે છે. નિરક્ષરતા સાથે અજ્ઞાનતા સંકળાયેલી છે. નિરક્ષર લોકો વિશ્વમાં વિકસતા આધુનિક પ્રવાહો અને વૈજ્ઞાનિક માહિતીથી અજ્ઞાત રહેવા પામે છે. આથી તેમનાં વર્તનો અને માન્યતાઓ પર રૂઢિ અને નિષેધોનું પ્રભુત્વ રહે છે. નિરક્ષર લોકો નવીનતા તરફ ભય અને શંકા રાખે છે. આથી તેઓ નવાં મૂલ્યો, નવી પદ્ધતિઓ, નવી પ્રયુક્તિઓ અને નવા વિચારો અપનાવતા નથી. તેઓ જૂની પરંપરાઓને વળગી રહેવાનું વલણ ધરાવે છે અને પરિવર્તનનો વિરોધ કરતા હોય છે. વાંચી શકવાની ક્ષમતાના અભાવે નવા વિચારોથી મળતા લાભોનો ખ્યાલ તેમને આવતો નથી. લખવા-વાંચવાના કૌશલ્યના અભાવમાં નિરક્ષર લોકો ઘણી પરિસ્થિતિઓમાં પરાવલંબન, લાચારી અને ક્ષોભ અનુભવે છે. શિક્ષણના અભાવમાં તેઓ અંધશ્રદ્ધાઓમાંથી મુક્ત બની શકતા નથી. નિરક્ષરતા અસમાનતા અને પરાધીનતાને દઢ કરે છે, અજ્ઞાનતા પેદા કરે છે અને વ્યક્તિને ઉત્પાદનનાં નવાં કૌશલ્યો અને પ્રયુક્તિઓથી વંચિત રાખે છે.

આધુનિક યુગમાં શિક્ષણ-સાક્ષરતા અને તેમાં ખાસ કરીને સ્ત્રીશિક્ષણ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસનું અગત્યનું ચાલક બળ છે. વ્યક્તિનો વિકાસ, આર્થિક, સામાજિક અને રાષ્ટ્રીય વિકાસ, સામાજિક ગતિશીલતા અને પરિવર્તનનું સંચાલક બળ છે. ભારતના આદિવાસીઓમાં પ્રવર્તતી વ્યાપક નિરક્ષરતા માટે તેમની ગરીબી, દુર્ગમ વિસ્તારોમાં નિવાસસ્થાન, ફરતી ખેતી, સ્થળાંતર અને વિસ્થાપન જેવા સંજોગોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જે આદિવાસીઓ અન્ય સમાજના સંપર્કથી શિક્ષણનું મહત્ત્વ સમજ્યા છે તેઓમાં શિક્ષણની ભૂખ જાગી છે. પરંતુ મોટાભાગના આદિવાસીઓ, જેઓ જંગલ, ફરતી ખેતી અને સાદી ખેતી સાથે સંકળાયેલાં છે, જેઓ આદિમ સ્વરૂપનું જીવન જીવે છે અને જેઓ વિચરતી જાતિઓ છે તેઓમાં શિક્ષણના મહત્ત્વનો સ્વીકાર થવા પામ્યો નથી અથવા નહિવત્ સ્વીકાર થયો છે. આમ છતાં વિકાસ કાર્યક્રમોની અસર હેઠળ આદિવાસીઓમાં ધીમે ધીમે નિરક્ષરતા ઘટી રહી છે. પરંતુ બિનઆદિવાસી જૂથોમાં જે ઝડપે નિરક્ષરતા ઘટી રહી છે તેની સરખામણીમાં આદિવાસી-ઓમાં નિરક્ષરતા બહુ ધીમી ગતિએ ઘટી રહી છે. આદિવાસીઓમાં વ્યાપક નિરક્ષરતા તેઓમાં સામાજિક-રાજકીય જાગૃતિના વિકાસમાં, સામાજિક-આર્થિક વિકાસમાં, વિકાસ પ્રેરિત પરિવર્તનો લાવવામાં, સામાજિક ગતિશીલતામાં અવરોધક બને છે અને તેઓમાં અંધશ્રદ્ધા, ગરીબી, શોષણ વગેરે સમસ્યાઓને ટકાવી રાખે છે.

આદિવાસીઓમાં શિક્ષણ વિકાસ માટે સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. શિક્ષણ માટે વિવિધ પ્રોત્સાહનો આપવામાં આવે છે. મધ્યાહ્ન ભોજન, આશ્રમશાળા, છાત્રાલયો, શિષ્યવૃત્તિ વગેરે શૈક્ષણિક સવલતો આપવામાં આવે છે. શિક્ષણ સંસ્થાઓમાં આદિવાસી બાળકો માટે અનામત બેઠકો રાખવામાં આવે છે અને તેઓને શૈક્ષણિક તકોની સમાનતા પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો થાય છે. પરંતુ આદિવાસીઓમાં સાક્ષરતા દરની વૃદ્ધિ કે નિરક્ષરતાના પ્રમાણમાં ઘટાડાનો દર જોતાં આદિવાસી શિક્ષણ વિકાસ માટેના પ્રયાસોના પરિણામો મર્યાદિત રહ્યાં છે. આથી આદિવાસીઓની અર્થવ્યવસ્થા અને તેમાં તેમના બાળકોની આર્થિક, તેમની સામાજિક-સાંસ્કૃતિક વ્યવસ્થાને અનુલક્ષીને આદિવાસી શિક્ષણ માટે અસરકારક અને પરિણામલક્ષી પગલાં લેવાની આવશ્યકતા રહેલી છે. દૂબેએ નોંધ્યું છે તેમ અનુસૂચિત આદિજાતિઓ માટે અપનાવેલા શિક્ષણના વ્યૂહની સિદ્ધિઓ મર્યાદિત રહેવા પામી છે. આદિવાસી સમુદાયોના કેટલાક બાળકોને શિક્ષણની સવલતોનો લાભ મળ્યો છે. આદિજાતિઓમાં જરૂરિયાત-મંદ બાળકો લાભ મેળવી શક્યાં નથી. આવા આદિવાસીઓના લાભાર્થે નવાં સંસ્થાકીય માળખાં ઊભાં કરવાની તાતી જરૂર છે. તેઓની જરૂરિયાતો સાથે પ્રસ્તુત હોય અને તેઓને શિક્ષણનું આકર્ષણ થાય તેવા પ્રયાસો હાથ ધરવાની જરૂર છે. આદિવાસી ક્ષેત્રમાં આશ્રમશાળા દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. બિનઆદિવાસી ક્ષેત્રમાં અલગ શિક્ષણનો ભેદ દૂર કરવો જોઈએ.

વધુ આવતા અંકે

# ફત્તેપુરામાં બેંકની કામગીરી માટે દલાલો દ્વારા ગરીબ લોકો સાથે ચલાવાતી ઉઘાડી લૂંટ

ફત્તેપુરા તાલુકામાં બેંક ગ્રાહકોની દૃષ્ટિએ બેંકોની પૂર્તતાના અભાવે વિવિધ પ્રકારની મુશ્કેલીઓ સામનો કરી રહ્યા છે ત્યારે તકવાદી તત્ત્વો બેંક ગ્રાહકો સાથે ઉઘાડી લૂંટ ચલાવવા સક્રિય બની છે જેમાં ગરીબ-અભણ-મજબૂર લોકો સાથે બેંકના કામ કરી આપવાના બહાના હેઠળ ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. આવા તત્ત્વો બેંકની આસપાસ ફરી રહેલા ગ્રાહકો સાથે છેતરપિંડી કરતા તત્ત્વો સામે કાયદાકીય પગલા ભરવાની તાત્કાલિક આવશ્યકતા જણાઈ રહી છે.

જાણવા મળેલી માહિતી મુબજ ફત્તેપુરા તાલુકાના મુખ્ય મથક સહિત તાલુકામાં બલૈયા, સુખસર જેવા ગામોની બેંકોમાં ગ્રાહકોની દૃષ્ટિએ જોતા બેંક ગ્રાહકોના વિવિધ કામો પાછળ સમય મર્યાદામાં થઈ શકતા નથી. જેવા કે અભણ કે ગરીબ લોકો બેંકમાં ખાતા ખોલવવા, નાણા ઉપાડવા, બેલેન્સ ચેક કરવા, સ્ટેટમેન્ટ કઢાવવા માટે દિવસો ના દિવસો ધક્કા ખાતા જોવા મળતા હોય તેમ છતાં તેમના કામો થઈ શકતા નથી. જેનો ગેરલાભ આવા તકવાદી તત્ત્વો બેંકોની આસપાસ ગેરકાયદેસર અડ્ડો જમાવીને બેઠેલા હોય છે. બેંકમાં આવતા ગ્રાહકોને વિડ્રોલ ભરી આપવાથી માંડીને બેંકની તમામ પ્રકારની કામગીરી માટે ફોર્મ ભરી આપવા તેમજ સામાન્ય કામ માટે આવા લોકો ગરીબ-અભણ નાગરીકો પાસે નાણા પડાવી રહ્યા છે. કેટલાક લોકોની ફરિયાદ એવી પણ છે કે દલાલનો સંપર્ક કરવાથી બેંકના કામ સરળતાથી થઈ જાય છે. જ્યારે જે તે ગ્રાહક પોતે બેંકમાં જાય તો તેને કલાકો કે દિવસો સુધી બેંકમાં લાઈનોમાં ઊભા રહેવા પડતું હોવાનું જણાવી રહ્યા છે. બેંકમાં ખાતું ખોલાવી અપાવવાન બહાના હેઠળ ગરીબ-અભણ લોકો પાસેથી રૂ. ૫૦૦ સુધી પડાવતા હોવાની ચર્ચા સાંભળવા મળતી હોય. નાણાં આપ્યા પછી ખાતા નહીં ખોલતા હોવાનું દલાલોને જણાવતા અને ખાતા ખોલવા માટે લીધેલ રકમ પરત માંગણી કરવા વતાં દલાલો તે બેંક ગ્રાહકના નાણા પરત કરતા નથી. તેથી આવા તકવાદી અને છેતરપિંડી કરતા તત્ત્વો સામે કાયદેસરના પગલા લેવાય તેની આવશ્યકતા છે.

# આદિવાસી લોકોની પ્રવૃત્તિ ખાદ્ય સંકલન અને શિકાર, ફરતી ખેતી

ડૉ.સુભાષ પાંડર

શિકાર : ભારતના એવા આદિવાસીઓનો સમાવેશ થાય છે કે જે લોકો જંગલમાં રહે છે અને શિકાર તેમજ જંગલ પેદાશ એકત્ર કરીને જીવનનિર્વાહ ચલાવે છે. તેમને માટે જંગલ જ બધી આર્થિક ક્રિયાઓનું કેન્દ્ર હોય છે. તેઓ ખેતી કરતા નથી, તેમજ બાહ્યસંપર્ક હેઠળ આવેલા નથી. કોચીનના કાદર, મહારાષ્ટ્રના કટકરી, હૈદ્રાબાદના ચેંચુ, ઓરિસ્સાના જુઆંગ, બિહારના ખારિયા, મધ્યપ્રદેશના કોરવા અને ઉત્તર પ્રદેશના રાવત આદિવાસીઓનો આ વર્ગમાં સમાવેશ કરી શકાય. આ સિવાય માલાપન્તરામ, પાલિયન, યાનાદી, પનિયને, કુરુંબા, બિરહોર વગેરે આદિવાસી સમૂહનો પણ આ વર્ગમાં સમાવેશ થઈ શકે છે. જો કે આમાંથી કોચીનના કાદર આદિવાસીઓ શિકાર અને કંદમૂળ એકત્ર કરવા સિવાય 'ઝુમ ખેતી' (ફરતી ખેતી) પણ કરે છે. આ વર્ગના આદિવાસીઓની અર્થવ્યવસ્થા ખૂબ જ સાદી અને સરળ હોય છે. જંગલમાંથી તેઓ કંદમૂળ, ફળફળાદિ, મધ, લાકડાં તેમજ અન્ય ખાવાલાયક ચીજો એકત્ર કરે છે. ખેતીની સાથે સાથે જંગલમાંથી આર્થિક રીતે ઉપયોગી એવી વસ્તુઓ એકઠી કરવાનું કામ પણ કેટલાક આદિવાસી સમૂહો કરતા હોય છે. ગુજરાતના નાયક, કોંકણા, વારલી અને ધાનકા આદિવાસીઓએ જંગલ પેદાશ દ્વારા જ પોતાનું આર્થિક પાસું સદ્ધર બનાવ્યું છે. ગુજરાતના ડુંગરી ભીલો માટે મહુડો એમને માટે કલ્પવૃક્ષ છે. મહુડાનો ખાવા અને પીવાનો ઉપયોગ થતો હોય છે. મહુડાને બાફી કે શેકીને ખાય અથવા જુવારના લોટ સાથે ભેળવી તેના લાડુ બનાવે, મહુડાનો દારૂ પીએ છે.

શિકારમાં આદિવાસીઓ સસલાં, હરણ, વાંદરા, સુવર, પોપટ, હોલાં, કાબર, તેતર, કૂકડા વગેરે પશુપક્ષીઓનો શિકાર કરતા હોય છે. શિકાર માટે શિકારી તીર-કામઠાં કે ધારિયાનો ઉપયોગ કરે છે. ક્યારેક શિકારી કુતરા પણ સાથે રાખે છે. જુઆંગ અને કોયા આદિવાસીઓ ખોરાકમાં માંસનો ઉપયોગ કરે છે. બિરહોર આદિવાસીઓમાં વાંદરાનું આર્થિક દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેનાં હાડકાં, માંસ અને ચામડાંનો વિવિધ રીતે ઉપયોગ કરવામાં આવે છે. જો કે મોટાભાગના આદિવાસીઓ જે પશુ-પક્ષીઓને ટોટેમ તરીકે સ્વીકારે છે તેના માંસનો ઉપયોગ ખોરાકમાં કરતા નથી. માછલાં પકડવાની પ્રવૃત્તિ ભારતના લગભગ દરેક આદિવાસી સમૂહમાં દૃષ્ટિગોચર થાય છે. વારલી, ગામીત, ધાનકા, ભીલ વગેરે આદિવાસીઓ શિયાળા અને ચોમાસામાં માછલાં પકડવાનું પસંદ કરે છે, જ્યારે ખાસા, મીનીકોય અને નાગા આદિવાસીઓમાં આ પ્રવૃત્તિ બારેમાસ ચાલુ રહે છે.

**ફરતી ખેતી :** આદિવાસીઓની આર્થિક પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે ખેતી અને ખેતમજૂરી જોવા મળે છે. પરંતુ તેમાં પણ વૈવિધ્ય રહેલું છે. ભારતના આદિવાસીઓ મોટા ભાગે સ્થાયી જીવન જીવે છે, પરંતુ કેટલાક સમુદાયો ભટકતું જીવન જીવે તેઓ ફરતી ખેતી સાથે સંકળાયેલા છે. કેટલાક વિસ્તારમાં આવી ખેતીને ઝુમખેતી કહે છે. ભારતનાં વિભિન્ન ભૌગોલિક પ્રદેશોમાં ફરતી ખેતી ભિન્ન-ભિન્ન સ્વરૂપે કરે છે. કેટલાક આદિવાસી સમુદાયો ફરતી ખેતી ૧૩ તબક્કામાં કરે છે તો કેટલાક આદિવાસી સમુદાયો ૮ તબક્કામાં ખેતી કરે છે. તેમનાં દરેક તબક્કામાં આદિમ ધાર્મિક પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ભારતના જે આદિવાસી સમુદાયોની આજીવિકાનું સાધન ફરતી ખેતી છે તેવી આદિજાતિઓને ફરતી ખેતી કરનારી ખેડૂત પ્રકારની આદિજાતિ કહેવાય છે. આ પ્રકારના સમુદાયો પહાડી વિસ્તારમાં વસવાટ કરે છે. વિદ્યાર્થી અને રાય પહાડી ખેતી પ્રકારની આદિજાતિઓ (Hill cultivation type tribes) તરીકે ઓળખાવે છે. ફરતી ખેતી એટલે સામાન્ય રીતે સમયાંતરે ખેતર બદલીને નવા ખેતરમાં કરવામાં આવતી ખેતી. કોઈપણ પડતર જમીનમાં ખેતર બનાવીને એક-બે પાક પૂરતી ખેતી કરે છે. ત્યારબાદ ખેતરને પડતર મૂકે છે. ખેતી માટે પસંદ કરવામાં આવેલ પહાડની ટેકરી જમીન પરનાં વૃક્ષોના પાંદડાને બાળી નાખવામાં આવે છે. આ રાખને જમીન પર વ્યવસ્થિત ફેલાવી દેવામાં આવે છે જે ખાતર તરીકે કામ કરે છે. પછી જે તે પાકના બીજ વાવવામાં આવે છે. વરસાદ પડે એટલે ઊગી નીકળે છે. આ ઊગી નીકળેલ પાક તૈયાર થઈ જાય એટલે તે લણી લેવામાં આવે છે. ત્યારબાદ ખેતરને પડતું મૂકી દે છે અને નવી જગ્યાની પસંદગી ખેતર માટે તૈયાર કરવામાં આવે છે. પસંદ કરેલ નવી જગ્યામાં ફરી આ જ તબક્કાઓ પ્રમાણે ખેતી કરે છે. કોઈપણ જગ્યાને એક વખત ઉપયોગમાં લીધા બાદ સંપૂર્ણ છોડી દેવામાં આવતું નથી. અમુક સમય બાદ ફરી તે જમીનની પસંદગી ખેતર તરીકે કરે છે. આ રીતે થતી ખેતીને ફરતી ખેતી કહેવામાં આવે છે. ભારતના જુદા જુદા પ્રદેશોમાં આ પ્રકારની ખેતી કરવામાં આવે છે. આ ખેતીને જુદા-જુદા સમુદાયોમાં અલગ-અલગ નામોથી ઓળખવામાં આવે છે. કેટલાક વિસ્તારમાં ઝુમખેતી, ફરતી ખેતી, પલમૌ, દહિયા, કોંડાપાડી તરીકે ઓળખાય છે.

ભારતનાં જુદા-જુદા પ્રદેશોમાં વિભિન્ન આદિવાસી સમુદાયો ફરતી ખેતી કરે છે. અસમ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ, બિહાર, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત વગેરે રાજયોમાં જુદા-જુદા આદિવાસી સમુદાયો ખેતી કરે છે. જેમાં ગારો, ત્રિપુરી, હલામ, ચકમા, નાગા, ખરિયા, કોરવા, પરહિયા, બિરજીયા, સાઓરા, કુટિયા, કમાર, બૈગા, મારિયા, ગોંડ, ધોરા, નૂક સમાન્થુ, માલેકુડિયા વગેરે આદિજાતિ ફરતી ખેતી કરે છે. ભારતમાં ૧૯૪૭ પછીના સમયગાળાનાં એક અહેવાલ અનુસાર ભારતના જુદા-જુદા વિસ્તારોમાં ૩.૫ લાખથી વધુ અનુસૂચિત આદિજાતિના કુટુંબો ૧૧ મિલીયન હેક્ટર જમીનમાં ફરતી ખેતી કરતા હતા, પરંતુ ત્યારબાદ તેમાં સતત ઘટાડો થતો ગયો છે.

વધુ આવતા અંકે

# નસવાડીમાં કન્ટેન્મેન્ટ ઝોનમાં આરોગ્ય સેવા ન મળતા પરિવારે મચાવેલો હોબાળો

કોવિદ-૧૯ને લઈ પતરા મારેલ ૬ પરિવારના એક પરિવારના સદસ્ય ૬૦ વર્ષના છે. તેમની તબિયત સારી ના હોય તેમની સારવાર ખાનગી દવાખાના વડોદરા ચાલુ હતી. તે વ્યક્તિની આજે તબિયત વધુ બગડતા તેના માટે સવારના આઠ વાગ્યાથી તેના પરિવારના લોકો આરોગ્ય વિભાગને વારંવાર જાણ કરવા છતાંય કોઈ જોવા પણ સાંજ સુધી ના આવ્યું. આ બાબતની જાણ નસવાડી ટીએચઓને પણ જાણ કરઈ હતી. આખરે રાતના ૮ કલાકે ૧૦૮ને કોલ કરતા ૧૦૮ આવેલ અને નસવાડી સીએચસીમાં ત્યાંથી છોટાઉદેપુર અને ત્યાં કોરોના પોઝિટીવ ના કોઈ લક્ષણ ના જોવા મળતા તેઓને દવા આપીને વડોદરા લઈ ગયા હતા. મતલબ જે વ્યક્તિઓને કવોરટાઈન કર્યા બાદ જેમ કે જેલમાં સજા કાપતા કેદીને પણ આરોગ્યલક્ષી સારવાર મળે છે. પરંતુ આ તો પતરા મારેલ વ્યક્તિઓ જેલમાં સજા કાપતા કેદી કરતા પણ કોઈ મોટા ગુનેગાર ના હોય તેમ આરોગ્ય વિભાગ જોવા પણ ના આવ્યું. કવોરટાઈન છ પરિવારના ૩૫ વ્યક્તિમાંથી જે વ્યક્તિને દવાખાને લઈ ગયા તેમના ભાઈ ને પુત્ર-પત્ની નસવાડી મામલતદારને પતરા મારેલ જગ્યા પર તેમની રજૂઆત સાંભળવા બોલાવેલ અને લેખિતમાં આરોગ્ય લક્ષી સેવા બાબતે આવેદનપત્ર આપી જિલ્લા કલેકટરને. પહોંચાડાવા રજૂઆત કરેલ છે. આ પહેલી ઘટના હશે કે જ્યાં સરકાની ગાઈડલાઈન મુજબ કોરોન્ટાઈન હેઠળ રહેતા લોકોએ આરોગ્યલક્ષી સારવાર ન મળતા આવેદનપત્ર આપવું પડયું છે ત્યારે પોતાના આરોગ્ય જાતે જ સાચવણી કરવાની હોય પતરા પણ ઉખેડી લેવાની માંગ કરી છે.

 ISSN-2454-9622 

# ઉદ્યોગો સાથે સંકળતાયેલા ૪૭.૬ ટકા ગ્રામિણ શ્રમિકો અટવાયા હતા

આર્થિક મુશ્કેલીઓમાં મોંઘવારીમાં વધારો, રોજિંદી ચીજવસ્તુઓ નહીં મળવી, દૈનિક રોજગારી ન મળવી, કુટુંબમાં સભ્યોનું ભરણપોષણ કરવાની મુશ્કેલી, ખેતી માટે બિયારણ અને ખાતર સમયસર મળવાની મુશ્કેલી, ખેતઉપજ બજારમાં સમયસર વેચાણ કરી શકાતું ન હોવાથી તેમજ પોષણક્ષમ ભાવ નહીં મળવા જેવી આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે. કોરોના મહામારી અને લોકડાઉનની પરિસ્થિતિમાં દરેક કુટુંબોની સરેરાશ મહિનાની આવકમાં પહેલાની તુલનામાં ઘટાડો નોંધાયો છે. પરંતુ ૧૫.૭ ટકાના મતે તેમના કુટુંબની મહિની સરેરાશ આવક શૂન્ય થઈ ગયેલી જાણવા મળેલ છે.

ગ્રામિણ વિસ્તારના નબળા વર્ગના કુટુંબોની સામાજિક સમસ્યાઓમાં મુખ્યત્વે બાળકોના શિક્ષણ પર અસર, કુટુંબના સભ્યો વચ્ચે ઝઘડા વધ્યા, લોકો વચ્ચે સામાજિક સંપર્કો તૂટયા, જેનાથી લગ્ન પ્રસંગો અટવાયા, બિમાર વ્યક્તિને મળવામાં મુશ્કેલી સાથે સમયસર સારવાર લેવામાં મુશ્કેલીઓ પડવાથી કુટુંબના અન્ય સભ્યોની માનસિક તણાવની સ્થિતિનો ભોગ બન્યા છે. કુટુંબના સભ્યોનો સ્વભાવ પહેલાની તુલનામાં ચિડીયાપણું વધ્યું હોવાનું જાણવા મળેલ છે. આ અભ્યાસ હેઠળ ૬૮.૬ ટકાના મતે કોરોના કોવિદ-૧૯ની મહામારી અને લોકડાઉનની પરિસ્થિતિમાં માનસિક તણાવનો અનુભવ કરતા હોવાનું માલુમ પડયું છે.

ગ્રામ્ય સ્તરે ઊભી થયેલી સમસ્યાઓમાં કોરોના મહામારી અને લોકડાઉનના પરિણામે ગ્રામ સ્તરે અનેક સમસ્યાઓ જાણવા મળેલ છે. જેમાં ગામમાંથી શહેરોમાં સ્થળાંતર કરી રોજગારી મેળવવા મજૂરોની આર્થિક સ્થિતિ કથળી. ગામના જાહેર ચોર પર લોકોનું બેસવાનું બંધ થવાથી સામાજિક અંતર વધ્યું. ગામોમાં સ્થાનિક સામાજિક કાર્યો પર પ્રતિબંધ હોવાથી શુભ તેમજ અશુભ કાર્યોમાં હાજરી આપી ન શકાય. ગ્રામ વિકાસના કામોની પ્રગતિ ધીમી પડી જે સૌથી મુખ્ય સમસ્યા ગણવામાં આવી. વ્યસન કરતા વ્યક્તિઓમાં ચિડીયાપણુ વધ્યુ સાથે કેફી દ્રવ્યોનું વેચાણ ઊંચી કિંમતે વેચાણ થતા આર્થિક રીતે વ્યશન કરનાર વ્યક્તિઓનું શોષણ થતું જણાયું. પરિણામે ગામોમાં ૬૮.૬ ટકા મતે કુટુંબના સભ્યો માનસિક તાણનો અનુભવ કરતા જણાયા તેમજ ૨૨ ટકા કુટુંબોમાં સભ્યો વચ્ચે ઝઘડાઓનું પ્રમાણ પહેલા કરતા વધ્યા હોવાનું જાણવા મળેલ છે.

વૈશ્વિક કોરોના મહામારીના કારણે દેશમાં જે પ્રકારની આર્થિક કટોકટીની પરિસ્થિતિ સર્જાઈ છે તેમાંથી દેશના તમામ ક્ષેત્રોને કેન્દ્ર સરકાર દ્વારા આર્થિક પેકેજો થકી રાહત માટે સરાહનીય પગલા પણ લેવામાં આવ્યા છે. પણ જેમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના નબળા વર્ગને સ્પર્શ કરતા રાહતોમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ રાહત પેકેજો પૈકી કેટલીક રાહતો અને તેનાથી નબળા વર્ગોને થયેલા લાભોમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ પ્રધાનમંત્રી જનધન યોજના ખાતા ધારોક પૈકી મહિલા ખાતાધારકના બેંક ખાતામાં રૂ. ૫૦૦ સુધીની રાહત આપવામાં આવી હતી. સર્વ દરમિયાન ૪૩.૩ ટકા મહિલાઓને લાભ મળી ચૂકયો હતો. જ્યારે ૩૭.૨૫ ટકા મહિલાઓના બેંક ખાતા સક્રિય ન હોવાથી તેમજ કેવાયસી નહી હોવાથી, આધાર કાર્ડ લીંક ન હોવાથી તેમજ અન્ય દસ્તાવેજોની પૂર્તિ ન હોવાના કારણે આ મહિલાઓને સમયસર લાભ મેળવી શકી નહોતી. જ્યારે ૧૯.૬૦ ટકા મહિલાઓ આ અંગે જાણકારીના અભાવે લાભ લઈ શકયા નહોતા.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ ખાસ કરીને નાના અને સિમાંત ખેડૂતોને રાહત મળી રહે તેના માટે રૂ. ૨૦૦૦ સુધીની રકમ ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવાનો નિર્ણય લઈ ખેડૂતોને લાભ આપ્યો હતો. સર્વ દરમીયાન ૪૯ ટકા ખેડૂતોન લાભ મળ્યો હતો. જ્યારે ૨૫.૫ ટકા ખેડૂતોના દસ્તાવેજો પ્રક્રિયા પૂર્ણ નહીં હોવાથી તેમજ બાકીના જમીન વિહોણા તેમજ જંગલમાં ખેતી ખેડનારાઓ હતા જેથી તેઓને લાગુ પડતું નહોતું.

પ્રધાનમંત્રી ઉજજવલા યોજના હેઠળ રાહત પેકેજ હેઠળ ત્રણ મહિના મફત ગેસ સિલિન્ડર આપી રાહત આપવાનો નિર્ણય કર્યો હતો. જેમાં ૪૧ ટકા નબળા વર્ગના કુટુંબોને તત્કાલ લાભ મળ્યો હતો. જ્યારે ૫૨ ટકા કુટુંબોને લાભ નથી મળ્યો

મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ રૂ. ૧૦૦૦/-ની સહાય ૨૩ ટકા કુટુંબોની મળી હતી. ૨૦ ટકા કુટુંબોની ખબર જ નહોતી જગાર ૫૧ ટકા કુટુંબોને લાભ નથી મળ્યો તેમજ ૬ ટકા કુટુંબોની દસ્તાવેજોની ચકાસણી અને નોંધણીની પ્રક્રિયા ચાલુ હોવાનું જાણવા મળેલ હતું.

લોકડાઉનની પરિસ્થિતિમાં ગ્રામીણ વિસ્તારના પ્રત્યેક કુટુંબોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ખાદ્ય ચીજવસ્તુઓ માસ એપ્રિલ-૨૦માં ફુડ બાસ્કેટ વીનામૂલ્યે લાભ લીધો હોય તેવા ૭૮. ૪૩ ટકા કુટુંબોએ લાભ મેળવ્યો હતો જ્યારે ૧૩.૭૨ ટકા કુટુંબોનું દસ્તવેજો / નોંધણીની પ્રક્રીયા ચાલુ હોવાથી અનાજનો જથ્થો ઉપલબ્ધ થઈ શકયો નહોતો.

લોકડાઉનની પરિસ્થિતિમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ઉપરાંત કેટલીક સેવાભાવી સંસ્થાઓ પણ લોકોની મદદ માટે આગળ આવીને સરાહનીય કામગીરી કરી રહી છે. ગ્રામીણ વિસ્તારમાં ખાસ કરીને નબળા વર્ગના કુટુંબોને સેવાભાવી સંસ્થાઓ પૈકી ૧૦ ટકા કુટુંબોને લાભ મળ્યો હતો. જેમાં બીપંએસ દ્વારા (પેટલાદ ખાતે ) રેશનકાર્ડ વિહોણાઓને રાશનકીટ અને જીવન જ્યોત સંસ્થા દ્વારા (ડોલવણ-પાટી ખાતે) માસ્ક અને સેનિટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આહવા તાલુકાના ગામોમાં સ્વામી વિવેકાનંદ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને મદદ પહોંચાડીને સેવાકાર્યનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

કોરોના કોવિદ-૧૯ મહામારીનું સંક્રમણને નિયંત્રિત કરવા માટે આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબની દરેક નાગરિકો નવી ટેવોને અપનાવે તેના પર ભાર મૂકયો હતો. ગ્રામીણ વિસ્તારમાં નબળા વર્ગના કુટુંબોના સભ્યોએ અન્ય વ્યક્તિઓ સાથે હાથ મિલાવવા, મોઢા પર કપડું બાંધવું, શારીરિક અંતર જાળવવું, સાબુથી વારંવાર હાથ ધોવા, છીંક / ખાંસી ખાતી વખતે મોઢા આગળ કપડું ઢાંકવું જેવી ટેવો અપનાવવાની જાણકારી આપી હતી. તેમાં ૩૩.૩૩ ટકા કુટુંબોએ પરિવાર સાથે હાથ મિલાવવા અને શારીરિક અંતર રાખવું અને છીંક-ખાંસી વખતે કપડું ઢાંકવું જેવી મુખ્ય ટેવો અપનાવી હતી.

# શિક્ષિત બેરોજગારોના મામલે તળાજા મામલતદારને આવેદનપત્ર અપાયું

ભાવનગર જિલ્લાના તળાજા ખાતે આજે મંગળવારે બપોરના શિક્ષિત બેરોજગારના મામલે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ અટકી પડેલી ભરતી પ્રક્રિયા ચાલુ કરવા તેમજ વિવાદીત એક ઓગસ્ટ-૨૦૧૮નું નિવારણ લાવવા તાત્કાલિક કાર્યવાહી થાય તે જરૂરી છે રાજયમાં ત્રિપલ જેટલી ભરતીઓ અટકી પડતા શિક્ષિત બેરોજગારો આર્થિક મુશ્કેલીમાં સપડાયા છે. આગામી સમયમાં આ પ્રક્રિયા શરૂ નહીં થાય તો બેરોજગારો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેમ આવેદનપત્રમાં જણાવ્યું છે.

# ખેડબ્રહ્મા તાલુકાની શિક્ષિકા ડુંગરે ડુંગરે ફરી બાળકોને શિક્ષણ આપી રહી છે

સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળા આદિવાસી વિસ્તારમાં નેટવર્કની સમસ્યા હોય છે અને ગરીબ પ્રજા પાસે એન્ડ્રોઈડ ફોનની સુવિધા હોતી નથી. આવા સંજોગોમાં ઓનલાઈન શિક્ષણ એ એક કલ્પના સમાન છે. સ્થાનિક શિક્ષિકાએ આ બંને સમસ્યાઓનો પડકાર ઝીલી ડુંગરા ખૂંદી બાળકોને તેમના ઘરે અભ્યાસ કરાવી રહી છે. શિક્ષિકાની કામગીરી સોશિયલ મીડીયામાં વાયરલ થયા બાદ એચઆરડી મિનિસ્ટ્રીએ પણ નોંધ લીધી છે. ખેડબ્રહ્મા તાલુકાના અંતરિયાળા ચિત્રોડી પ્રાથમિક શાળાની શિક્ષિકા મૂળ વિજયનગર તાલુકાની તેજલકુમારી કેશવલાલ ડોડિયા બાળકોને ઘરે જઈ શિક્ષણના પાઠ ભણાવી રહી છે. તાલુકાના અંતરિયાળા વિસ્તારમાં ઈન્ટરનેટ અને એન્ડ્રોઈડ ફોન સુવિધા શકય હોતી નથી ત્યારે ઓનલાઈન શિક્ષણની કલ્પના આ વિસ્તારોમાં કરવી એક કલ્પના પણથઈ શકે તેમ નથી.

આવી પરિસ્થિતિમાં તેજલકુમારીએ નિર્ણય લીધો કે બાળકોના ઘરે જઈ શિક્ષણ પિરસવાનો. તેજલકુમારીએ જણાવ્યું કે તેઓ ધોરણ૩થી પના ૮૦ જેટલા બાળકોને માસ્ક અને ફિઝિકલ ડિસ્ટીંગ સાથે અંગ્રેજી અને પર્યાવરણ વિષયનો અભ્યાસ કરાવી રહ્યા છે. ત્રણથી પાંચ કિલોમિટર ચાલવું પડે છે. અભિનય ગીત અને વિવિધ પ્રવૃત્તિઓ સાથે શિક્ષણમાં બાળકોમાં રસ દાખવી નવી પદ્ધતિથી રૂચિપૂર્વક અભ્યાસ કરાવી રહ્યા છે.

# ૧૪ વર્ષની આદિવાસી બાળા પર પરણિત યુવકે દુષ્કર્મ આચર્યું

તાપી જિલ્લામા સગીરાઓ સુરક્ષિત નથી રહી એવું કહી શકાય. કારણ કે વ્યારામાં ફરી એક વાર સગીરાની લાજ લૂંટાઈ હોવાની ઘટનાનો પર્દાફાસ થયો છે. વ્યારાના હવસખોર મુસ્લિમ યુવક શોએબ રાહતખાન પઠાણે ૧૪ વર્ષીય આદિવાસી બાળને પીંખી નાખી હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પોલીસે આ નરાધમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

તાપી જિલ્લા મથકના મુખ્ય ગણાતા વ્યારા નગર સ્ટેશન રોડ પર આવેલા એક હાઈરાઈઝ બિલ્ડિંગના સાતમા માળે આવેલા એક ફલેટમાં એક ૧૪ વર્ષીય આદિવાસી બાળાની લાજ લૂંટાઈ હતી. કોઈને ખબર ન પડી. વ્યારાના સ્ટેશન રોડ વિસ્તારમાં રહેતા પરણિત મુસ્લિમ યુવક શોએબ રાહતખાન પઠાણના મગજમાં વાસનાનો કીડો સળવળ્યો અને શિકાર બનાવી ને તેણીને મોટી બહેનને જાનથી મારી નાખવાની ધમકી આપી ને તેણીના ઘરે આંટાફેરા મારી સગીરાને ગભરાવી. તા ૩૦ મે સ્ટેશન રોઠ વિસ્તારમાં આવેલા એનપીજી બિલ્ડિંગમાં સાતમા માળે આવેલ ફલેટ નં. ૭૦૧માં બોલાવી અને ત્યાં બે વખત સગીરાની આબરૂ હવસખોર શોએબ રાહતખાન પઠાણે બેખોફ લૂંટી બિન્ધાસ્ત ફરતો રહ્યો. જોકે સગીરાએ ગભરાતા ગભરાતા પોતાની માતાને સમગ્ર ઘટનાની વિગત જણાવતા મામલો પોલીસ મથકે પહોંચ્યો અને પોલીસે હવસખોર શોએબ રાહતખાન પઠાણ વિરુદ્ધ આઈપીસી કલમ ૩૭૬, ૫૦૬(૨), ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોમ સેકસ્યુઅલ ઓફેનસ એકટ ૨૦૧૨ની કલમ ૬, ૧૨ તથા એટ્રોસીટી એકટ હેઠળ શોએબ પઠાણને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# અરવલ્લી એસપીએ ૪ પોલીસ કોન્સ્ટેબલની જીલ્લા બહાર બદલી કરતા પોલીસબેડામાં ખળભળાટ

અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલ દ્વારા સતત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની જીલ્લામાં અરસ-પરસ બદલીનો ગંજીફો છીપી રહ્યા છે લોકડાઉંન અનલોક બાદ જીલ્લામાં ફરજ બજાવતા ૪ પોલીસ કર્મચારીઓની જીલ્લા ફેર બદલી કરી મહેસાણા મોકલી આપવામાં આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે જીલ્લામા અનેક પોલીસકર્મીઓ અમુક ખાતામાં અને પોલીસ સ્ટેશનમાં વર્ષોથી એકનેક જગ્યાએ ફરજ બજાવી રહ્યા હોવાથી તેમનો દબદબો જોવા મળી રહ્યો છે ત્યારે જીલ્લા પોલીસતંત્રમાં દબદબો ધરાવતા ૪ પોલીસ કર્મિઓની જિલ્લા ફેર બદલી કરી દેવામાં આવતાં કહી ખુશી કહી ગમ જોવા મળ્યો હતો પરંતુ અમુક મહત્વની શાખાઓમાં વર્ષો વર્ષથી એકજ જગ્યાએ ફરજ બજાવતા પોલીસ કર્મીઓની બદલી કરવામાં ન આવતા ચર્ચાનો વિષય બન્યો છે.

અરવલ્લી જીલ્લા એસપી મયુર પાટીલે જીલ્લામાં ફરજ બજાવતા ૧) કીર્તિ કુમાર અળખાજી, ૨) નાનજીભાઈ સવજીભાઈ, ૩) રાજેન્દ્રકુમાર સવજીભાઈ અને ૪)વીરભદ્રસિંહ પદમસિંહ નામના પોલીસકર્મીઓની જાહેરહિતમાં જીલ્લા બહાર મહેસાણા ખાતે બદલી કરવામાં આવતાં પોલીસબેડામાં દબદબો ધરાવતા પોલીસકર્મીઓના પેટમાં તેલ રેડાયું છે અરવલ્લી પોલીસતંત્રમાં છેલ્લા કેટલાક વર્ષોથી અમુક પોલીસ કર્મીઓ અણનમ ગણાતા હતા તેમની ગમે તે કારણે બદલી થતી નહોતી અને જો બદલી થાય તો પણ પ્રતિનિયુક્તિ ઉપર કે અન્ય રીતે તેઓ પરત આ જ શાખામાં આવી જતા હોવાથી પોલીસકર્મીઓમાં જેને લઈ છૂપો રોષ જોવા મળી રહ્યો હતો ત્યારે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં ચાર્જ સાંભળતાની સાથે પોલિસકર્મીઓની બદલીઓનો સતત ગંજીફો છીપી વર્ષોથી એક જ પોલીસ સ્ટેશન કે શખામાં ફરજ બજાવતા કર્મીઓની બદલીઓ કરવાની શરુ કરતા પોલીસતંત્રમાં ભારે ઉલટફેર જોવા મળી રહ્યો છે

# ઋષિકેશ સોસાયટીમાં ખાનગી કેબલ કંપનીએ ખોદેલ ખાડા એટલે મોતના ખાડા



સંજય શર્મા દ્વારા

મોડાસા શહેરમાં વિકાસના નામે ખાનગી કંપનીઓ અને કોન્ટ્રાકટરો આડેધડ ખોદકામ કરી રહ્યા છે અને ખાડા પુરાવામાં આળસ દાખવતાં વાહનચાલકો ખાડામાં ખાબકવાની ઘટનાઓ બની રહી છે જાણે મોડાસા શહેરમાં ખાનગી કંપનીઓ, કોન્ટ્રાકટરો પર નગરપાલિકાનો કોઈ અંકુશ જ ન હોય તેવો નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી સોસાયટી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ખાનગી કંપની કેબલ નાખવાનું કામ કરી રહી છે કોન્ટ્રાકટરે ખોદેલ ખાડાઓ ખુલ્લા રાખતા અને કેટલીક જગ્યાએ ખાડાઓમાં માટી નાખી દેવામાં આવતા પ્રજાજનો અને વાહનચાલકોમાં ખાડાઓ કોઈ નિર્દોષ રાહદારીનો ભોગ લે તે પહેલા પુરવામાં આવેની માંગ પ્રબળ બની છે

મોડાસાની હરિઓમ નગર સોસાયટીમાં રહેતા વૃદ્ધા બીમાર થતા મંગળવારે સાંજના સુમારે તેમનો પુત્ર કાર લઈને માતાને સારવાર કરાવવા નીકળ્યા હતા ત્યારે ઋષિકેશ સોસાયટીમાંથી પસાર થતા રોડ નજીક ખોડેલ ખાડામાં કાર ખાબકતાં ભારે અફડાતફડી મચી હતી સોસાયટીના રહીશોએ કારમાં રહેલા વૃદ્ધાને ભારે જહેમત બાદ બહાર કાઢ્યા હતા ખાડામાં ખાબકેલી કાર પડતી મૂકી અન્ય વાહન મારફતે સારવાર અર્થે દવાખાને લઈ જવાની નોબત આવી હતી રહેણાંક સોસયટીઓમા આડેધડ ખોદેલા ખાડાઓથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે કાર ખાડામાં ખાબકતા કારને ભારે નુકશાન પહોંચ્યું હતુ

મોડાસા શહેરના માલપુર રોડ પર છેલ્લા કેટલાક સમયથી ખાનગી કેબલ કંપની કેબલ નાખવાનું કામ કરી રહી છે શહેરીજનોને હાલાકી પડી રહી હોવાની ફરિયાદો ઉઠી છે. ખાનગી કંપનીના કેબલ નાખતી કંપનીના કોન્ટ્રાકટરો ઠેર ઠેર ખાડા તો કરે છે પણ આ ખાડા પૂર્યા બાદ તેના પર સમારકામ પૂર્ણ કરવાનું કામકાજ અધૂરું છોડી દેવામાં આવ્યું હોય તેમ ઠેર ઠેર ખાડા જોવા મળી રહ્યા છે રોડને અડીને ખોદાયેલા ખાડા વાહનચાલકો અને રાહદારીઓ માટે આફતના ખાડા બની રહ્યા છે ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે આ ખાડાઓમાં વાહનચાલકો ખાબકી રહ્યા છે નગરજનોને કોને ફરિયાદ કરવી એ પણ ખબર પડતી નથી કેટલીક જગ્યાએ તો આર.સી.સી રોડ પણ ખાનગી કેબલ કંપનીના કોન્ટ્રાક્ટરે તોડી નાખ્યા છે ત્યારે નગરપાલિકા તંત્રે કેબલ નાખતી ખાનગી કંપનીને તાત્કાલિક નોટિસ ફટકારી ખાડા પુરાવા તાકીદ કરે તેવી લોક માંગ પ્રબળ બની છે.

### નરોડાના ભગતે અન્ય શખ્સ સાથે મળી

# મોડાસાના બે યુવકોને ઓ.એન.જી.સી માં નોકરીની લાલચ આપી ૧૭ લાખ ખંખેરી લીધા

સંજય શર્મા દ્વારા

ઓ.એન.જી.સીમાં ઉંચા પગારની નોકરી મેળવવાની ઘેલછામાં અનેક યુવકોએ છેતરપિંડી કરતી ગેંગના સંપર્કમાં આવી લાખ્ખો રૂપિયા ગુમાવ્યા હોવાના કિસ્સાઓ અનેકવાર બન્યા છે તેમ છતાં 'લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મર' જેવી કહેવતને સાર્થક કરતો કિસ્સો મોડાસામાં બન્યો છે જેમાં બાયડ બળિયાદેવના અને વર્ષોથી અમદાવાદન નરોડા વિસ્તારમાં રહેતા ભગત તરીકે જાણીતા શખ્શે અન્ય શખ્શ સાથે મળી મોડાસાની મોડાસાની રામપાર્ક સોસાયટીમાં રહેતા અને તેમના મિત્રના પુત્રને ઓ.એન.જી.સીમાં નોકરી આપવાની લાલચ આપી ૧૭ લાખ રૂપિયા પડાવી લઈ પરત નહિ આપતા રૂપિયા પણ ગયા અને નોકરી પણ નહિ મળતાં આબાદ છેતરપિંડીનો ભોગ બનેલ નિવૃત કર્મચારીએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં બે શખ્શો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી હતી.

મોડાસા શહેરની રામપાર્ક સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન ગુજારતા નારાયણભાઈ શીવાભાઈ ચૌહાણને તેમના વેવાઈના લીધે સંપર્કમાં આવેલા ભગત તરીકે જાણીતા બાયડ બળિયાદેવના અને નરોડાની વ્યાસવાડી સામે રહેતા રાજુભાઈ ડાહ્યાભાઈ પારેખે પ્રશાંત ભાઈ નામના શખ્શ સાથે મળી તેમના પુત્રને ઓએનજીસીમાં ઉંચા પગારની નોકરી અપાવવાની લાલચ આપતાં વિશ્વાસમાં આવી ગયેલા નારાયણભાઈએ તેમના મિત્ર મુકેશભાઈ મગનભાઈ પ્રજાપતિને તેમના પુત્રને પણ ઓએનજીસીમાં નોકરી અંગે વાત કરી હતી ત્યારબાદ નારાયણભાઈ શીવાભાઈ ચૌહાણે તેમના પુત્ર માટે ૯ લાખ રૂપિયા અને મુકેશભાઈ મગનભાઈ પ્રજાપતિએ તેમના પુત્રાની નોકરી માટે ૮ લાખ રૂપિયા દોઢ વર્ષ અગાઉ રાજુભાઈ ડાહ્યાભાઈ પારેખ અને પ્રશાંત ભાઈ નામના શખ્શને આપ્યા હતા ૧૭ લાખ રૂપિયા પડાવી લીધા બાદ બંને શખ્શો ઓએનજીસીમાં બંને યુવકોને નોકરી ક્યારે મળશે તે અંગે વારંવાર ગલ્લાં તલ્લાં કરતાં અને રૂપિયા પણ પરત ન આપતા બંને પરિવારના મોભીઓ તેમનાં પુત્રોને ઓએનજીસીમાં નોકરી અપાવવા જતા આબાદ છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થતા આખરે બંને શખ્શોને પાઠ ભણાવવા પોલીસીનું શરણ લીધું હતું.

મોડાસા ટાઉન પોલીસે નારાયણભાઈ શીવાભાઈ ચૌહાણ (રહે,રામપાર્ક સોસાયટી, મોડાસા)ની ફરિયાદના આધારે રાજુભાઈ ડાહ્યાભાઈ પારેખ (રહે,મૂળ બળીયાદેવ, બાયડ. હાલ રહે,ડાહ્યાભાઈ પાર્ક, વ્યાસવાડીની સામે, નરોડા-અમદાવાદ ) અને પ્રશાંત ભાઈ નામના શખ્શ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લોકડાઉનમાં બાળકોને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સનું વળગણ ત્રણ ગણું વધી ગયું

જયપુરની બાળકોની હોસ્પિટલે દેશના ૩૦ શહેરોને આવરીને એક અહેવાલ તૈયાર કર્યો હતો. એ સ્ટડી પ્રમાણે લોકડાઉન દરમિયાન બાળકોને ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સનું વળગણ ત્રણ ગણું વધી ગયું છે. ૫૦ ટકા બાળકો અડધો કલાક પણ ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સથી દૂર રહી શકતા નથી. આ લત બાળકોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ જોખમી છે.

દેશના નાના-મોટા ૩૦ શહેરોના બાળકોને આવરીને થયેલાં અભ્યાસમાં જણાયું હતું કે બાળકો ઘરમાં રહે તે માટે પેરેન્ટ્સ તેમના હાથમાં મોબાઈલ-કમ્યુટર પકડાવી દે છે. તેના કારણે લોકડાઉનના સમયગાળામાં બાળકોને ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ - સ્માર્ટફોન, લેપટોપ, કમ્પ્યુટર, વીડિયો ગેમ્સ વગેરેનું વળગણ થઈ ગયું છે.

આ સમયગાળામાં બાળકો ત્રણ ગણાં વધુ ગેજેટ્સ વાપરતા થયા છે. હવે સરેરાશ બાળકો દિવસમાં પાંચ કલાક ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ પાછળ ખર્ચે છે, જે તેમના સ્વાસ્થ્ય માટે લાંબાંગાળે ખૂબ જ જોખમી સાબિત થાય તેવી શક્યતા છે.

જયપુરની જેકે લોન ચિલ્ડ્રન્સ હોસ્પિટલના સંશોધકોએ તારણ આપ્યું હતું કે સેમ્પલમાંથી ૬૫ ટકા બાળકોને ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈઝનું વળગણ લાગ્યું છે. એમાંથી ૫૦ ટકા બાળકો તો એવા હતા કે જે અડધો કલાક પણ મોબાઈલ કે સ્માર્ટ ગેજેટ્સ વગર રહી શકતા ન હતા.

# આદિવાસી અને જ્ઞાતિ

ડૉ.સુભાષ પાંડર

જે.એચ. હટનના જણાવ્યા પ્રમાણે જ્ઞાતિ માટે અંગ્રેજીમાં ઉપયોગમાં લેવાતા **caste** શબ્દ ઓલાદ, વંશ કે જાતિના સૂચક પોર્ટુગીઝ શબ્દ **Caste** (કાસ્ટા) ઉપરથી ઉતરી આવ્યો છે. મજુમદાર અને મદન કહે છે કે જ્ઞાતિ એક બંધ વર્ગ છે. જ્ઞાતિપ્રથા ભારતની અનુપમ વ્યવસ્થા છે. મેક્સ વેબર કહે છે કે જ્ઞાતિ એક બંધ સમુદાય છે. ગુન્નાર નિર્ડલ કહે છે કે જ્ઞાતિને પૂર્ણ રીતે કઠોર વર્ગ માને છે. ઈરાવતી કર્વે કહે છે કે જ્ઞાતિ એક અંતઃ લગ્નની સાથે સાથે નાતેદારી જૂથ છે. એમ.એન. શ્રીનિવાસ કહે છે કે જ્ઞાતિ એ એક વંશ પરંપરાગત અંતઃલગ્ન પ્રથા ધરાવતું સામાન્ય રીતે એક જ સ્થળે વસતું જૂથ છે. જ્ઞાતિનો પરંપરાગત ધંધો હોય છે અને જ્ઞાતિના સ્થાનિક કોટિક્રમમાં તેનું નિશ્ચિત સ્થાન હોય છે. જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના સંબંધોનું નિયમન શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલો વડે થાય છે અને સામાન્ય રીતે સાથે બેસી ભોજન કરવાનો વ્યવહાર સૌથી વિશેષ જ્ઞાતિની અંદર જ હોય છે.

**હિન્દુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન :** વિવિધ જ્ઞાતિઓ ભારતમાં હિન્દુ સમાજનો જુદા જુદા વિભાગોમાં વિભાજીત કરે છે. હિન્દુ સમાજ એક અખંડ સમુદાય રહ્યો નથી. હિન્દુ સમાજની પ્રત્યેક જ્ઞાતિ એક અલગ અને સ્વતંત્ર સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે. દરેક જ્ઞાતિ જન્મ ઉપર આધારિત છે જે જ્ઞાતિમાં વ્યક્તિનો જન્મ થયો તે જ્ઞાતિના આધારે વ્યક્તિનો દરજ્જો જન્મથી જ નક્કી થઈ જાય છે. દરેક જ્ઞાતિને પોતાની જ્ઞાતિ પંચાયત હોય છે. જ્ઞાતિ પંચાયત વ્યક્તિના વર્તન ઉપર નિયંત્રણ અને અંકુશ ધરાવે છે. જ્ઞાતિનો કોઈપણ વ્યક્તિ જ્ઞાતિના રિવાજો કે નિયમોનું ઉલ્લંઘન કરે તો તેને જ્ઞાતિ પંચાયત શિક્ષા કરે છે. વિવિધ જ્ઞાતિઓના રીતરિવાજો અને ધારાધોરણોની બાબતમાં તફાવત જોવા મળે છે. જુદી જુદી જ્ઞાતિઓમાં લગ્ન અને મૃત્યુ અંગેના રિવાજોમાં ઘણા તફાવતો જોવા મળે છે. જ્ઞાતિઓ સમાજના અંગરૂપ હોવા છતાં તેમનું પોતાનું આગવું સ્થાન હોય છે.

**કોટિક્રમ :** ભારતમાં બધી જ્ઞાતિઓની ઉંચનીચતા અંગેની એક ચોક્કસ યોજના જોવા મળે છે. કોટિક્રમની વ્યવસ્થામાં બ્રાહ્મણો સૌથી ઉંચા ગણાય છે. જુદી જુદી જ્ઞાતિઓનું ચોક્કસ સામાજિક સ્થાન નક્કી કરવું મુશ્કેલ છે. ૧૯૦૧ના મૈસૂર વસતિ ગણતરીના અહેવાલને આધારે ધૂર્યે નોંધે છે કે સમાજથી આજની સ્થિતિમાં પ્રત્યેક સમુદાયનું સ્થાન ઓળખી શકાય તેવું રહ્યું નથી. તે જ રીતે જ્ઞાતિઓના કોટિક્રમ માટે લોકોએ પોતે સ્વીકાર્ય ગણ્યો હોય તેવો સર્વમાન્ય સિદ્ધાંત દેખાતો નથી. ભૂતકાળમાં પાટીદાર ક્ષત્રિય હતા. વર્તમાનમાં પાટીદાર તરીકે પટેલો જોવા મળે છે.

**ખાનપાન અને સામાજિક વ્યવહાર :** ખાનપાન અને બીજા સામાજિક વ્યવહારો કઈ જ્ઞાતિ સાથે રાખી શકાય અને કઈ જ્ઞાતિ સાથે ન રાખી શકાય તે અંગેના ઘણા ઝીણવટભર્યા સામાજિક ધોરણો દરેક જ્ઞાતિમાં હોવાનું ધૂર્યે નોંધે છે. ઉચ્ચ જ્ઞાતિની વ્યક્તિ પોતાનાથી ઉતરતી જ્ઞાતિની વ્યક્તિના ઘરનું કાચું ભોજન ખાઈ શકે નહીં પણ ઉતરતી જ્ઞાતિની વ્યક્તિ પોતાનાથી ચઢિયાતી જ્ઞાતિની વ્યક્તિના ઘરનું કાચું ભોજન ખાઈ શકે છે. બ્રાહ્મણો, ક્ષત્રિયોના ત્યાં પાકું ભોજન લઈ શકે છે તે સિવાયની કોઈપણ જ્ઞાતિના ત્યાં બ્રાહ્મણો ભોજન લઈ શકતા નથી. સ્પર્શથી અભડાઈ જવાનો ખ્યાલ જોવા મળે છે. અસ્પૃશ્યતા અને ભેદભાવ રાખવામાં આવે છે.

**નાગરિક તથા ધાર્મિક અસમર્થતાઓ :** ભારતની વિવિધ જ્ઞાતિઓમાં પ્રવર્તતા ચઢિયાતાપણા અને ઉતરતાપણાના ખ્યાલોએ નિમ્ન અંમગે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં નાગરિક અને ધાર્મિક અધિકારો વિશે એક પ્રકારની અસમાનતા હિન્દુ ધર્મમાં છે. નિમ્ન ગણાતી જ્ઞાતિઓ અનેક પ્રકારના નાગરિક અને ધાર્મિક અધિકારોથી વંચિત રહે છે. જ્યારે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ આ બાબતોમાં અનેક વિશેષાધિકારો ભોગવે છે. ગુજરાતના ઘણા ગામડાંઓમાં આજે પણ અમુક જ્ઞાતિના ઘરો ગામથી બહાર ભાગોળે જોવા મળે છે. ગામની અંદરના ભાગમાં રહેતી વિવિધ જ્ઞાતિઓના વિસ્તારોના નામ જ્ઞાતિના નામ ઉપરથી પડ્યા હોય છે.

શાળા પ્રવેશની બાબતમાં પણ આવી જ અસમાનતાઓ અને ભેદભાવો જોવા મળતા ગામની સરકારી શાળામાં અમુક જ્ઞાતિના બાળકોને પ્રવેશ સમાતો નહીં. કાયદેસર રીતે તેમને પ્રવેશનો હક હોવા છતાં વ્યવહારમાં તેઓ ભોગવી શકતા નહીં. કારણ કે આવી જ્ઞાતિના કોઈ ગણ્યા ગાઠ્યા બાળકો શાળામાં દાખલ થયા હોય તો તેમની સાથે એટલી હદ સુધી દુરવ્યવહાર કરવામાં આવતો કે કંટાળીને આવા બાળકો શાળા છોડીને ચાલ્યા જાય છે.

**વ્યવસાય ઉપર પ્રતિબંધ :** બ્રાહ્મણ પૂજા યજ્ઞ કરાવે છે. ક્ષત્રિય સૈન્યનું કામ કરે છે. વૈશ્ય વેપારનું કામ કરે છે. શુદ્રો સેવાનું કામ કરે છે. દા.ત. સુથાર, લુહાર, કુંભાર, મોચી, વાળંદ, સોની અને ખેતીકામ સાથે સંકળાયેલા લોકોનો સમાવેશ થાય છે. દરેક જ્ઞાતિએ પોતાનો વંશ પરંપરાગત ધંધો કરવો તે ફરજ ગણાતી પોતાની જ્ઞાતિ સિવાયનો અન્ય ધંધો ફાયદાકારક જણાતો હોય તો પણ વંશ પરંપરાગત જ્ઞાતિનો ધંધો છોડીને અન્ય ધંધો કરી શકાતો નહીં. ચમાર ચામડાનો વ્યવસાય બ્રાહ્મણ પૂજા અને યજ્ઞનો વ્યવસાય, સોનીનો, સોનાનો વ્યવસાય જ કરવાનું ઉચિત માનવામાં આવતું. તેનું પાલન જ્ઞાતિપંચ દ્વારા થતું હતું. જ્ઞાતિપંચ દ્વારા અન્ય વ્યવસાય કરવાની છૂટ આપવામાં આવતી ન હતી. જન્મથી જ બ્રાહ્મણ ન હોય તેવી વ્યક્તિ પુરોહિતનો વ્યવસાય કરી શકતી નહીં. આનું પરિણામ એ આવ્યું કે પુરોહિતનો વ્યવસાય કરી શકતી નહીં. આનું પરિણામ એ આવ્યું કે પુરોહિતના વ્યવસાય ઉપર બ્રાહ્મણોની ઈજારાશાહી ઉદ્દભવી છે.

**લગ્ન ઉપરના પ્રતિબંધો :** દરેક જ્ઞાતિ વાસ્તવમાં અનેક નાની નાની પેટાજ્ઞાતિઓમાં વહેંચાયેલી હોય છે. એક પેટાજ્ઞાતિની વ્યક્તિ સાથેના લગ્ન પ્રતિબંધિત હોય છે. પેટાજ્ઞાતિ તરીકે ઓળખાતા બધા જૂથો અંતઃલગ્નની પ્રથા ધરાવે છે. જ્ઞાતિના ગોળ કે નક્કી કરેલા ગામ સાત ગામ, સત્યાવીશ ગામ, એકાવન ગામના જ્ઞાતિના સમાજમાં જ લગ્ન થાય છે. પેટાજ્ઞાતિના લગ્નસંબંધોનું ક્ષેત્ર પોતાના જૂથ પુરતું જ મર્યાદિત હોય છે. એટલે કે જ્ઞાતિ કે પેટાજ્ઞાતિમાં જ લગ્ન કરવાનું વ્યક્તિને માટે અનિવાર્ય ગણાયું છે. આ નિયમનો ભંગ કરનાર વ્યક્તિને જ્ઞાતિપંચ દ્વારા જ્ઞાતિમાંથી કાઢી મૂકવા સુધીની સજાઓ કરવામાં આવે છે.

વધુ આવતા અંકે

## ભરતી મોકુફ રખાતા અમીરગઢ, દિયોદર અને શિહોરી તાલુકા મામલતદારને આવેદનપત્ર અપાયા

સરકાર દ્વારા અન્ય ક્ષેત્રની ભરતીઓ બહાર પાડવામાં આવે છે પરંતુ માત્ર જાહેરનામું કરી ભરતીઓ માટે પરીક્ષાઓ અચાનક મોકુફ રાખતા અમીરગઢ, દિયોદર, શિહોરીના શિક્ષિત બેકાર યુવાનો દ્વારા મામલતદારને તા. ૨૯-૦૬-૨૦ના રોજ આવેદનપત્ર આપી ભરતી પ્રક્રિયાને પુનઃ શરૂ કરવા માંગ કરી હતી.

સરકાર દ્વારા હાલમાં એલઆરડીની પરીક્ષાનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેથી યુવાનો દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી. પરંતુ અચાનક સરકારનો રૂખ બદલાતા ભરતી ઉપર રોક લગાવી દીધેલ છે. આ ઉપરાંત ઘણી બધી ભરતીઓમાં યુવકોને અન્યાય થતો આવ્યો છે.

એક તરફ બેકારી અને બીજી તરફ નાણાનો વ્યય થતા અરજદારો કંટાળી ગયા છે. માટે તેઓએ અંતે સરકારને પોતાની વેદના બતાવવા માટે મોટી સંખ્યામાં શિક્ષિત બેકારો એકઠા થયા છે ત્યારે અમીરગઢ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં સરકારે બેકાર યુવાનોની અરજી ધ્યાનમા લઈ તેઓની તૈયારી મુજબ સમયસર ભરતી યોજી ન્યાય આપે તે હેતુથી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું. આજ રીતે કાંકરેજ અને શિહોરી તાલુકાના મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

### સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના યુવાનો દ્વારા

## ઈડર અને ભિલોડા મામલતદારને કચેરીમાં અટકેલી ભરતી કરવા માટે આવેદનપત્ર અપાયા

તા. ૧-૭-૨૦૨૦ના રોજ યુથ આદિવાસી એકતા સંગઠન અરવલ્લી-સાબરકાંઠા દ્વારા ગુજરાત સરકારના વિવિધ ભાગમાં અટકી પડેલી ભરતી પ્રક્રિયાઓ પુનઃ શરૂ કરવા બાબતે ભિલોડા મામલતદારશ્રી અને ઈડર મામલતદારશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું. જેમાં સરકારશ્રી સમક્ષ નીચે જણાવેલ માંગણીઓ કરવામાં આવેલ છે. (૧) જે ભરતીમાં માત્ર નિમણૂક આપવાની બાકી છે તે આપી દેવામાં આવે. (શરતી નિમણુક પણ અમને માન્ય છે.) (૨) જે ભરતીની પ્રાથમિક / મુખ્ય પરીક્ષા કે કોમ્પ્યુટર ટેસ્ટ કે ઈન્ટરવ્યું થઈ ગયા છે તેના પરિણામ જાહેર કરવામાં આવે. (શરતી પરિણામ પણ આવકાર્ય છે. (૩) જે ભરતીની જાહેરાત થઈ ગઈ છે પરંતુ તેની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી નથી તો તેની સત્વરે તારીખ જાહેર કરવામાં આવે. (૪) સરકારશ્રી દ્વારા જે ૧-૮-૨૦૧૮ના જી.આર.નું કારણ નિરાકરણ લાવવામાં આવે. (૫) સરકારની ઢીલાશના કારણે છેલ્લા ઘણા વર્ષોથી (આશરે ૪.૫ વર્ષ) અટકાવેલ ભરતીઓમાં કેટલાક ઉમેદવારની વયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ છે જેના માટે સરકાર હકારાત્મક પગલાં ભરી એમને છૂટ-છાટ આપવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી છે.

### શું ભણશે ઓનલાઈન શિક્ષણ ગુજરાતમાં : જ્યાં મોબાઈલ નેટવર્ક જ નથી

## કપરાડા તાલુકામાં ઓનલાઈન શિક્ષણ શકય જ નથી : ૭૦ ટકા ગામોમાં નેટવર્ક નથી

વૈશ્વિક મહામારી કોરોનાના સંકટ કાળમાં શિક્ષણ વિભાગે ઓનલાઈન શિક્ષણને વધારે ભાર આપ્યો છે. પરંતુ કપરાડા તાલુકાના ૭૦ ટકા ગામોમાં મોબાઈલ નેટવર્ક ન હોવાની સાથે સાથે અહીંના ગરીબ વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનથી વંચિત છે. તાલુકાના હજારો વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા માટે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

વલસાડ જિલ્લાના શહેરોમાં આવેલી શાળાઓમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનું શરૂ કરી દીધું છે. પરંત અંતરિયાળા કપરાડા તાલુકાની સ્થિતિ એકદમ અલગ છે. અહીં ધો-૧થી ૮ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં કુલ ૪૦૮૫૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ મળવું ખુબ જ મુશ્કેલ છે. કારણ કે આ વિસ્તારમાં મોબાઈલ નેટવર્ક જ નથી. ૭૦ ટકા ગામમાં નેટવર્ક અને મોબાઈલના ફોનના અભાવે વિદ્યાર્થીઓને શિક્ષણ મળી શકે તેમ નથી. કપરાડા તાલુકાના ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓ કેવી રીતે ઓનલાઈન શિક્ષણ મેળવશે તે પ્રશ્ન ઊઠી રહ્યો છે. આ વિસ્તારમાં ઓનલાઈન શિક્ષણ આપવું ખૂબ જ કઠિન છે. આ ગંભીર સમસ્યાના ઉકેલ ટૂંકાગાળામાં આવી શકે તેમ નથી. કોરોના મહામારીમાં કપરાડા તાલુકાના આદિવાસી વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ કેવી રીતે પહોંચાડવું તે પ્રશ્ન ખુદ શિક્ષકોમાં ઊઠી રહ્યો છે. આ વિસ્તારના શિક્ષકો કપરાડા તાલુકામાં ઓનલાઈન શિક્ષણ શકય જ ન હોવાનું જણાવી રહ્યા છે. આ વિસ્તારમાં કેટલાક પરિવારો પાસે ફોન નથી કોરોનાના આંતક અને વિકાસના અભાવના કારણે કપરાડા તાલુકાના વિદ્યાર્થીઓ શું શિક્ષણથી વંચિત રહી જશે ?

## નસવાડીમાં એમજીવીસીએલના કર્મચારીઓના સૂત્રોચ્ચાર બાદ ૧૦ દિવસની ખાતરી મળતા આંદોલન સમેટાયું



નારાવાડી એમજીવીસીએલના કર્મચારીઓની પડતર માંગણીઓ ન સંતોષતા કર્મચારીઓ દ્વારા મેનેજમેન્ટ સામે સૂત્રોચ્ચાર સાથે વિરોધ કરી રજા પર ઉતરવાની ચિમકી આપી બાદ દસ દિવસમાં પડતર માંગણી પૂરી કરવાનું આશ્વાસન મળતા કર્મચારીઓ કામે લાગી ગયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર એમજીવીસીએલના મેનેજમેન્ટ દ્વારા જે કર્મચારીઓને હેરાનગતિ માનસિક ત્રાસ શોકોઝ નોટીસ, ચાર્જસીટને લઈને કર્મચારીઓમાં અસંતોષ લઈને મેનેજમેન્ટ વિરોધ એમજીવીસીએલ ત્રણ યુનિયન તરફથી માસ સીએલનું આયોજન કરવામાં આવ્યું હતું. નસવાડી એમજીવીસીએલના ૮૦૦ જેટલા કર્મચારીઓને સત્તાધીશો દ્વારા નાના નાના મુદ્દે શોકોઝ નોટીસ ફટકારી છે ને કર્મચારીઓના કેટલાક પડતર પ્રશ્નોના નિકાલ લાવવા માટે નિષ્ફળ નીવડતા રોષે ભરાયેલા કર્મચારીઓ દ્વારા નસવાડી એમજીવીસીએલ કચેરી પર સૂત્રોચ્ચાર કરીને સત્તાધીશો સામે વિરોધ નોંધાવ્યો હતો.

એમજીવીસીએલના સત્તાધીશો દ્વારા યુનિયને ૧૦ દિવસમાં કર્મચારીઓની પડતર માંગણીઓ પૂરી કરવામાં આવશે. દસ દિવસમાં કર્મચારીઓની માંગણીઓ મેનેજમેન્ટ તરફથી કેવું વલણ મળશે તેના પર નજર રહેશે.

## અરવલ્લીમાં દેશી ગાય આધારીત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ પેટે રૂ. ૯૦૦ દર માસે સહાય આપવામાં આવશે

અરવલ્લી જિલ્લાને પ્રાકૃતિક ખેતીને વેગ મળે તે હેતુથી દેશી ગાય આધારીત સંપુર્ણ ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ પેટે સહાય આપવાની યોજના એક દેશી ગાય માટે નિભાવ ખર્ચ રૂ. ૯૦૦ પ્રતિ માસના દરે રૂ.૧૦૮૦૦ ની વાર્ષિક મર્યાદામાં સહાય આપવાની યોજના હેઠળ લાભ લેવા માંગતા ખેડૂત લાભાર્થીની પાત્રતામાં અરજદાર ખેડૂત અરજીના સમયે આઈડેન્ટીફીકેશન ટેગ સહિતની એક દેશી ગાય ધરાવતા હોવા જોઈએ અને તેના છાણ-મુત્રથી પ્રાકૃતિક ખેતી કરતા હોવા જોઈએ જમીનના એક ખાતા એટલે કે નમૂના નં.૮-અ મુજબ કોઈ એક જ લાભાર્થીને આ સહાય મળવા પાત્ર થશે. અરજદાર ખેડૂતે પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલ હોવી જોઈઅ. દેશી ગાય સિવાય અન્ય કોઈપણ પ્રકારની જાતોની ગાયોને લાભ મળવા પાત્ર નથી. વાછરડાને ગાય તરીકે ગણાશે નહી. દેશી ગાય આધારીત સંપુર્ણ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારૂ લાભાર્થીઓને પ્રાકૃતિક કૃષિ કીટમાં ૭૫ ટકા સહાયની યોજના હેઠળ લાભ લેવા માંગતા ખેડૂત લાભાર્થીની પાત્રતામાં દેશી ગાય આધારીત સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રાથમિકતા આપવાની થાય છે ત્યારબાદ અન્ય ખેડૂતોને લાભ આપી શકાશે.

ફ્રેન્ચાઈઝી માટે સંપર્ક કરો.
Web Site : www.gctiindia.org
Mo. : 9712339777

GUJARAT COMPUTER TRAINING INSTITUTE®
Organize by UECT, Regd. by Govt. of India
Regd. by Govt. of India N.C.T. New Delhi, India
Regd. by Govt. of Gujarat, India

ગુજરાત સરકારની નવી ભરતી માટે CCC નો કોર્ષ
સરકારશ્રી દ્વારા જાહેર કરેલ અભ્યાસક્રમ મુજબ ભણાવવામાંઆવે છે.

આ સિવાય અન્ય રોજગાર લક્ષી કોર્ષ
Basic, Tally Erp-9, DTP, Web designing, C, C++, Java, DCA, PGDCA, Hardware Networking, Spoken English, Mobile Repairing Course, Etc...

સરકારી કર્મચારીને ગ્રેડેશન માટે CCC ની ટ્રેઈનિંગ આપવામાં આવશે.

- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા
- ફ્રી મટીરીયલ તથા બેગ
- કોર્ષના અંતમાં GCTI દ્વારા સરકાર માન્ય સર્ટીફીકેટ
- અનુભવી શિક્ષક દ્વારા શિક્ષણ

100 % રોજગાર લક્ષી કોર્ષ
ફ્રી સ્ટડી મટીરીયલ
ઓનલાઇન વેરીફીકેશન ઉપલબ્ધ

AUTHORIZED TRAINING CENTER
VIJAY COMPUTER EDUCATION CENTER
At Post - Chithoda, Nr. Chithoda Police Chowki,
Ta. Vijaynagar, Dist. Sabarkantha
Pande Ashokbhai K. [ Mo. 94284 10430 ]

Printed, Published and Owned by Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI and printed at Shree Ganesh Offset, A/6, Shubh-Labh Estate, Nr. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380004. Ph. : 079- 25626240. and Published from F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013. Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI